दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૧

## અમારી પ્રિય ચીજ


જેઓ વન-જંગલમાં વસતા હતા ને આત્માના આનંદનું શોધન કરીને તેના વેદનમાં જીવન ગાળતા હતા એવા સંતમુનિરાજ કહે છે કે અહો! અમને અમારું ચૈતન્યપદ જ પરમ પ્રિય છે...ચૈતન્યનો આનંદ અચિંત્ય છે. દેવો પણ ચૈતન્યના આનંદની વાર્તા સાંભળવા માટે સ્વર્ગમાંથી ઉતરીને આ મનુષ્યલોકમાં આવે છે. અમને જે પરમ પ્રિય છે એવા જ્ઞાયકભાવના જ ગાણાં આ સમયસારમાં અમે ગાયા છે.

ભાઈ, બાહ્યપદાર્થનો પ્રેમ કરીને અનંતકાળથી તું દુઃખી થયો, હવે એ પ્રેમ છોડ, ને તારા આત્માનો પ્રેમ કર, જગતના પદાર્થો કરતાં તારા આત્માને જ સૌથી વહાલો કર... ‘જગત ઇષ્ટ નહિ આત્મથી’ એવું જીવન કર, તો તારું અપૂર્વ કલ્યાણ થશે. અમારી એક જ પ્રિય ચીજ-જે શુદ્ધઆત્મા, તે અમે તને બતાવીએ છીએ, તું પણ એને જ પ્રિય કરીને અનુભવમાં લે.....તો તારું જીવન આનંદમય થશે *

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૬ અષાડ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૭ : અંક ૯

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




વૈશાખ સુદ બીજે ભાવનગરના પ્રમુખશ્રી કહે છે કે એક તરફ આદિનાથપ્રભુના પંચકલ્યાણક, અને બીજી તરફ ગુરુદેવની જન્મજયંતિ,–તેનાથી અમારી નગરી ધન્ય બની..... અમારા ભાવ ઉજ્વળ થયા.....તીર્થંકરપ્રભુના પંચકલ્યાણક સાક્ષાત્ ઉજવવાની ભાવના જાગી......

# ભાવનગરમાં આદિનાથ-ભગવાનના જન્મકલ્યાણક વખતનાં દૃશ્યો



ઇન્દ્રાણી વિચારે છે કે–અહા, બાલતીર્થંકરને તેડવાના સૌભાગ્યથી આજે મારી આ સ્ત્રીપર્યાય પણ ધન્ય બની; તીર્થંકરપ્રભુના સ્પર્શનથી મારો આત્મા આજે પાવન બન્યો....... હજાર નેત્રથી પ્રભુનું રૂપ નીહાળતાં ઇન્દ્ર વિચારે છે કે અહા! આ ચર્મચક્ષુથી પ્રભુનું રૂપ દેખતાં પણ આવો હર્ષ થાય છે, તો અંતરમાં જ્ઞાનનેત્રથી પ્રભુનું રૂપ નીહાળતાં જે આનંદ થાય–તેની શી વાત! ઇન્દ્રપર્યાયમાં આ રીતે એકવાર નહીં પણ અસંખ્યવાર તીર્થંકર પ્રભુને તેડવાનું સૌભાગ્ય મળે છે, તે ઇન્દ્ર એકાવતારી હોય એમાં શું આશ્ચર્ય!

દીવાળી સુધીનું
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬
અષાડ
1970 July

* વર્ષ ૨૭: અંક ૮ *

# સર્વે દ્રવ્યોને પોતપોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે

**[ પોતાના ક્રમબદ્ધ પરિણામરૂપે દ્રવ્ય પોતે ઊપજે છે,
તેથી તેનું જ તે કર્તા છે, અન્યનું અકર્તાપણું છે. ]**

નવ તત્ત્વના વિકલ્પોથી પાર થઈને, આત્માને અનુભવમાં લેતું સુવિશુદ્ધ જ્ઞાન પ્રગટે છે. તે બંધ–મોક્ષના વિકલ્પોથી દૂર છે, વિકલ્પ સાથેનું કર્તાકર્મપણું તેને છૂટી ગયું છે, તે શુદ્ધ જ્ઞાનચેતનાના જ રસવાળું છે. આવા વિશુદ્ધ જ્ઞાનપણે ભગવાન આત્મરામ પ્રસિદ્ધ થાય છે. તેને ક્રમેક્રમે ઊપજતી પોતાની નિર્મળપર્યાયો સાથે અનન્યપણું છે.–એ વાત આ સર્વવિશુદ્ધજ્ઞાનમાં આચાર્યભગવાને સમજાવી છે. આવાં આત્માને ઓળખતાં સમ્યગ્દર્શનાદિ થાય છે. તે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય સાથે અનન્યપણે આત્મા પોતે ઊપજે છે.

વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મા રાગાદિ પરભાવોને જાણે ખરો પણ તેને કરે નહીં, ભોગવે નહીં. રાગને જાણતો આત્મા રાગપણે ઊપજતો નથી પણ જ્ઞાનપરિણામપણે જ ઊપજે છે, તે જ્ઞાનપરિણામ સાથે તેને એકતા છે પણ રાગાદિ સાથે તેને એકતા નથી. સર્વે દ્રવ્યોને પોતપોતાની તે–તે કાળની પર્યાય સાથે તાદાત્મ્ય છે. પોતાની જ પર્યાયપણે ઊપજતા દ્રવ્યને અન્ય દ્રવ્યની સાથે કર્તા–કર્મપણું હોતું નથી એટલે તેને અકર્તાપણું છે.

જેમ સોનું તેની કંકણપર્યાયથી જુદું નથી પણ તાદાત્મ્યરૂપ છે, તેમ સર્વ દ્રવ્યોને પોતપોતાની ક્રમબદ્ધ પર્યાયો સાથે તાદાત્મ્ય છે, જુદાઈ નથી.

જીવને પોતાની કેવળજ્ઞાનાદિ પર્યાયો સાથે તન્મયતા છે, તેમાં તન્મય થઈને તે પર્યાયપણે જીવદ્રવ્ય ઉપજે છે, એટલે તેને પોતાની પર્યાય સાથે કર્તા–કર્મપણું છે પણ અજીવ સાથે તેને કર્તા કર્મપણું નથી. પોતાની પર્યાયથી દ્રવ્ય અનેરૂં નથી, પોતાની પર્યાય સાથે દ્રવ્યને તાદાત્મ્ય છે,–એવા નિર્ણયમાં અપૂર્વ ભેદજ્ઞાન છે, ને સ્વસન્મુખતા થઈને મોક્ષમાર્ગ પ્રગટે છે, મારા આત્માને મારી પર્યાય સાથે જ તન્મયતા છે એમ નક્કી કરનાર જીવ સ્વસન્મુખ નિર્મળ પર્યાયો સાથે જ તન્મયપણે ઊપજે છે, રાગાદિમાં તન્મયપણે તે ઊપજતો નથી.–આનું નામ ધર્મ છે.

કર્મના આશ્રયે કર્તા, અને કર્તાના આશ્રયે કર્મ–એમ કર્તાકર્મનું અનન્યપણું છે, આ સિવાય બીજી કોઈ રીતે કર્તાકર્મની સિદ્ધિ જોવામાં આવતી નથી. એટલે કે ભિન્ન પદાર્થો વચ્ચે કર્તાકર્મપણું હોતું નથી. આવા ભેદજ્ઞાનમાં રાગનું પણ અકર્તાપણું થઈ જાય છે, ને સુવિશુદ્ધ જ્ઞાનપણે જ આત્મા પ્રગટ થાય છે.

એક વસ્તુના પરિણામ કોઈ બીજાથી થાય–એમ કદી બનતું નથી, કેમકે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્યની સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકભાવનો અભાવ છે. આમ નક્કી કરીને, પરથી નિરપેક્ષપણે એટલે કે સ્વભાવની સન્મુખપણે જીવ ઊપજે છે, એટલે તેમાં ક્રમેક્રમે નિર્મળ પર્યાયો જ થયા કરે છે. સ્વસન્મુખ થઈને આત્માનો સર્વજ્ઞસ્વભાવ જે શ્રદ્ધા–જ્ઞાનમાં બેઠો તે શ્રદ્ધા–જ્ઞાનમાં રાગાદિ પરભાવોનું કર્તૃત્વ રહેતું નથી. પોતાના અનંત ગુણની નિર્મળપર્યાય સાથે તન્મય થઈને તે પરિણમે છે; તેના પરિણમનનો પ્રવાહ આનંદના વેદન સહિત સર્વજ્ઞતા તરફ ચાલ્યો; સર્વજ્ઞનો વિરહ તેને ન રહ્યો.

જીવના પરિણામ તે જીવ જ છે, અજીવ નથી, અને અજીવના પરિણામ તે અજીવ જ છે, જીવ નથી.–જેમ સોનાની બંગડી તે સોનું જ છે, તે લોઢું નથી, તેમ દરેક દ્રવ્યના પરિણામ તે–તે દ્રવ્ય સાથે જ તન્મય છે, ને અન્યથી ભિન્ન છે.–આવું વસ્તુસ્વરૂપ છે. આવું વસ્તુસ્વરૂપ જાણનાર જ્ઞાની પોતાના જ્ઞાનભાવ સિવાય અન્ય રાગાદિ સર્વે પરભાવોનો અકર્તા થાય છે, તે રાગના જ્ઞાનપણે ઊપજે છે પણ રાગમાં તન્મયરૂપે ઊપજતો નથી. સ્વદ્રવ્યની ક્રમ નિયમિત પર્યાય પોતાથી જ છે એમ નક્કી કરનાર જીવ સ્વદ્રવ્યના આશ્રયે

નિર્મળ પર્યાયપણે જ ઊપજે છે. અજ્ઞાની પોતાનું સ્વાધીન પરિણમન ભૂલીને, પરાશ્રયવડે વિકાર ભાવને કરે છે, તેથી જ સંસાર છે.

પોતપોતાના પરિણામરૂપે વસ્તુ પોતે પરિણમે છે, બીજું કોઈ નહીં; એટલે પોતાના પરિણામની સૃષ્ટિનો રચનાર પોતે જ છે; બીજો કોઈ આ જીવના પરિણામનો કર્તા નથી, અને પોતે બીજાના પરિણામની સૃષ્ટિનો કર્તા નથી. આવું વસ્તુસ્વરૂપ જાણે ત્યારે તે જીવ જ્ઞાયક જ રહે છે. જ્ઞાનભાવમાં પરને કરવાની મિથ્યાબુદ્ધિનો અભાવ છે. દ્રવ્યને પોતાની પર્યાયપણે ઊપજવામાં બીજા કોઈની અપેક્ષા નથી, બીજાની અપેક્ષા વગર જ દ્રવ્યને પોતાની પર્યાય સાથે કર્તાકર્મની સિદ્ધિ છે.–આવું નિરપેક્ષ વસ્તુસ્વરૂપ છે. સત્–દ્રવ્ય પોતે જ ઉત્પાદ–વ્યય–ધ્રુવતા યુક્ત છે. તે–તે સમયની સત્ પર્યાય તે વસ્તુનો અંશ છે, અને તે અંશપણે વસ્તુ ઊપજે છે. પોતાની પર્યાયપણે ઊપજતી વસ્તુને બીજા કોઈ સાથે કર્તાકર્મપણું હોતું નથી, એવી નિરપેક્ષતા છે. પોતાની જ્ઞાનપર્યાયપણે ઊપજતો જીવ, અજીવમાં કાંઈ પણ કરતો નથી, અહીં તો એમ બતાવે છે કે પોતાની વિશુદ્ધ જ્ઞાનપર્યાયરૂપે ઊપજતો જીવ તે કર્મના બંધનમાં નિમિત્ત પણ થતો નથી, તે કર્મપ્રકૃત્તિના નિમિત્તે ઊપજતો નથી એટલે કે રાગપણે ઊપજતો નથી પણ પોતાની નિર્મળ પર્યાયરૂપે જ ઊપજે છે, અને તે નિર્મળ પર્યાયમાં જીવદ્રવ્ય પોતે પ્રકાશે છે.

જીવનાં જ્ઞાનપરિણામને જીવ સાથે કર્તાકર્મપણાનો સંબંધ છે, પણ જીવનાં જ્ઞાનપરિણામને ચશ્મા સાથે, કે પુસ્તક સાથે, કે જડ ઇન્દ્રિયો સાથે કર્તાકર્મપણાનો સંબંધ નથી, તેમનાથી તો ભિન્ન જ્ઞાનપરિણામ છે, ને જીવથી અભિન્ન છે.–આમ જીવ–અજીવનાં સમસ્ત પરિણામોમાં સમજી લેવું.

‘આ હું’ એમ શુદ્ધ જ્ઞાનમય સ્વસત્તાનો સ્વીકાર કરતાં આત્મદ્રવ્ય પોતાની નિર્મળપર્યાયના પ્રવાહરૂપે ઊપજે છે. આત્મા સદાય પરિણમે તો છે જ, પણ જ્યારે તે સ્વસત્તાની સન્મુખ થઈને પરિણમે ત્યારે નિર્મળપર્યાયરૂપે પરિણમે છે, અને તે પોતાની પર્યાય સાથે અનન્ય છે, ને પરનો તે અકર્તા છે.–આમ સ્વપર્યાયપણે ઊપજતા સ્વદ્રવ્યને હે ભવ્ય! તું જાણ! અને તે–તે પરિણામ સાથે દ્રવ્યનું અનન્યપણું જાણ.

એકલા વિકાર–અંશ ઉપર જેનું લક્ષ છે તેને અંશી એવું શુદ્ધદ્રવ્ય લક્ષમાં આવતું નથી, શુદ્ધદ્રવ્ય લક્ષમાં આવે ત્યાં પર્યાયબુદ્ધિ રહે નહીં ને

વિકારનું કર્તાપણું રહે નહીં; નિર્મળપર્યાયમાં તન્મય થઈને તેનો જ તે કર્તા થાય છે. નિર્મળપર્યાય તે આત્માનું નિજરૂપ હોવાથી તેનો તે કર્તા છે, અન્ય પદાર્થોની પર્યાય સાથે આત્માને તાદાત્મ્ય નથી એટલે તે નિજરૂપ નથી, એટલે તેનો આત્મા કર્તા નથી. શુદ્ધ જ્ઞાનમય આત્માને ખરેખર રાગાદિ પરભાવો સાથે તન્મયપણું કે કર્તાપણું નથી.–આવા શુદ્ધઆત્માને તું જાણ. 'જાણવું' તેમાં મોક્ષમાર્ગ સમાઈ જાય છે, કેમકે જાણવારૂપ જે ભાવ છે તેમાં રાગનો અભાવ છે. જાણવારૂપ ભાવ રાગનો અકર્તા છે, ને રાગનું અકર્તાપણું તે મોક્ષનો માર્ગ છે. રાગનું કર્તાપણું તે સંસાર, રાગનું અકર્તા એવું શુદ્ધજ્ઞાનપરિણમન તે મોક્ષ. આ રીતે, આચાર્યદેવે વસ્તુસ્વરૂપ 'જાણ' એમ કહ્યું તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

પોતાની પર્યાયની સાથે દ્રવ્યને અનન્યપણું છે, પણ બીજાથી તેને ભિન્નતા છે, આમ પર્યાય સાથે દ્રવ્યનું અનન્યપણું દેખનારને પરથી પોતાનું અન્યપણું દેખાય છે.–એટલે પોતામાં પર દ્રવ્યનું કર્તાપણું દેખાતું નથી, પર્યાય સાથે અનન્ય એવું દ્રવ્ય જ કર્તા છે. આચાર્યદેવ ફરમાવે છે કે આવું વસ્તુસ્વરૂપ તમે જાણો, કર્તાકર્મનું અભિન્નપણું તમે જાણો, એનાથી બીજું ન માનો.

પુદ્ગલદ્રવ્યને પણ તેની પર્યાય સાથે અનન્યપણું છે, ને જીવથી ભિન્નપણું છે. એટલે પુદ્ગલની કોઈ પણ પર્યાયને દેખતાં તેની સાથે તે અજીવદ્રવ્યનું અનન્યપણું દેખાય છે, આમ દેખનાર જીવ તે પુદ્ગલદ્રવ્યનું કર્તાપણું માનતો નથી. પુદ્ગલની પર્યાય સાથે અનન્ય એવું તે પુદ્ગલ દ્રવ્ય જ તેનું કર્તા છે, જીવ તેનો અકર્તા છે.

જીવ–અજીવ બધા દ્રવ્યોમાં આ સિદ્ધાંત લાગુ પડે છે. જીવ અને અજીવ બધાય દ્રવ્યો પોતપોતાની તે તે સમયની પર્યાયપણે ઊપજે છે એટલે તેનાં તે કર્તા છે, પોતાની પર્યાયના કર્તા હોવા છતાં અન્ય દ્રવ્યની પર્યાય સાથે તેને જરાપણ કર્તાકર્મપણું સિદ્ધ થતું નથી, કેમકે તેનાથી અત્યંત ભિન્નતા છે. આવા વસ્તુસ્વરૂપને જાણતાં ભેદજ્ઞાન થાય છે, પરમાં કર્તૃત્વબુદ્ધિ છૂટે છે, ને સ્વદ્રવ્ય–સન્મુખપણે નિર્મળ જ્ઞાનપર્યાયપણે જીવ ઊપજે છે.–એનું નામ સુવિશુદ્ધજ્ઞાન છે, ને તે મોક્ષમાર્ગ છે.

(સ. ગા. ૩૦૮ થી ૩૧૧ ના પ્રવચનમાંથીઃ વધુ માટે જુઓ પાનું ૨૯)

# १. दर्शन प्राभृत

卐

૧. શ્રી જિનવરવૃષભને અને વર્દ્ધમાનસ્વામીને નમસ્કાર કરીને, હું યથાક્રમે સંક્ષેપથી દર્શનમાર્ગ કહીશ.

૨. શ્રી જિનવરદેવે શિષ્યોને ‘દર્શન જેનું મૂળ છે એવો ધર્મ’ ઉપદેશ્યો છે. સ્વકર્ણથી તે સાંભળીને દર્શનહીન જીવો વંદન કરવાયોગ્ય નથી.

૩. દર્શનથી જે ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે. દર્શનભ્રષ્ટ જીવ નિર્વાણને પામતો નથી. ચારિત્રથી ભ્રષ્ટ હોય તે તો સિદ્ધિને પામશે, પણ જે દર્શનભ્રષ્ટ છે તે સિદ્ધિને પામતો નથી.

૪. સમ્યક્ત્વરત્નથી ભ્રષ્ટ જીવો, ઘણા પ્રકારનાં શાસ્ત્રો જાણતા હોય તોપણ, આરાધનાથી રહિત હોવાને કારણે સંસારમાં ને સંસારમાં જ ભ્રમણ કરે છે.

૫. સમ્યક્ત્વરહિત જીવો ભલે હજાર–કરોડ વર્ષો સુધી અત્યંત ઉગ્ર તપ કરે તોપણ બોધિલાભને પામતા નથી.

૬. સમ્યક્ત્વ–જ્ઞાન–દર્શન–બળ–વીર્યવડે જેઓ વૃદ્ધિગત છે અને કળિકાળના કલુષ–પાપથી રહિત છે તેઓ સર્વે અલ્પસમયમાં વરજ્ઞાની એટલે કે કેવળજ્ઞાની થાય છે.

૭. જે પુરુષના હૃદયમાં સમ્યક્ત્વરૂપ જળનો પ્રવાહ નિરંતર વહે છે તે પુરુષને, પૂર્વે બંધાયેલા કર્મરૂપી રેતીનાં આવરણ પણ નાશ પામે છે.

૮. જેઓ દર્શનથી ભ્રષ્ટ છે, જ્ઞાનથી ભ્રષ્ટ છે, ચારિત્રથી પણ ભ્રષ્ટ છે તેઓ ભ્રષ્ટમાં પણ ભ્રષ્ટ છે અને બીજા જનોને પણ તે ભ્રષ્ટ કરે છે.

૯. કોઈ ધર્મશીલ જીવ સંયમ–તપ–નિયમ અને યોગગુણના ધારક છે, તેમનામાં પણ જે દોષ કહે છે તે જીવો પોતે ભગ્ન છે અને બીજાને પણ ભગ્ન કહીને દોષારોપણ કરે છે.

૧૦. જેમ મૂળનો વિનાશ થતાં વૃક્ષના પરિવારની વૃદ્ધિ થતી નથી તેમ જિનદર્શનથી જેઓ ભ્રષ્ટ છે તેઓ મૂળવિનષ્ટ હોવાથી સિદ્ધિને પામતા નથી.

૧૧. જેમ વૃક્ષમાં મૂળ વડે થડ શાખા વગેરે પરિવાર અનેકગણો વૃદ્ધિને પામે છે તેમ મોક્ષમાર્ગનું મૂળ જિનદર્શન છે એમ ગણધરદેવોએ કહ્યું છે.

૧૨. જેઓ પોતે દર્શનથી ભ્રષ્ટ હોવા છતાં દર્શનના ધારકને પોતાના પગે પડાવે છે. ( અથવા પોતે દર્શનધારક જીવોના પગે નથી પડતા, ) તેઓ લૂલા–મૂંગા થાય છે, અને તેમને બોધિની પ્રાપ્તિ દુર્લભ છે.

૧૩. જાણવા છતાં પણ લજ્જાથી, ગૌરવથી, કે ભયથી જે જીવો તે દર્શનભ્રષ્ટ મનુષ્યોને પગે પડે છે, તેઓ પાપનું અનુમોદન કરનારા છે અને તેઓને પણ બોધિ નથી.

૧૪. જ્યાં બંને પ્રકારની ગ્રંથિનો ત્યાગ હોય, ત્રિયોગથી સંયમમાં સ્થિતિ હોય, જ્ઞાનવડે કરણની શુદ્ધિ હોય અને ઊભાઊભા ભોજન હોય, ત્યાં દર્શન છે.

૧૫. સમ્યગ્દર્શન વડે સમ્યગ્જ્ઞાન થાય છે, જ્ઞાન વડે સર્વ ભાવની ઉપલબ્ધિ થાય છે, અને પદાર્થની ઉપલબ્ધિ થતાં જીવ શ્રેય–અશ્રેયને જાણે છે.

૧૬. એ રીતે શ્રેય–અશ્રેયને જાણનાર પુરુષ, દુઃશીલને દુર કરીને શીલવાન થાય છે, અને તે શીલના ફળથી અભ્યુદયને પામીને પછી નિર્વાણને પામે છે.

૧૭. અહો, આ જિનવચન વિષયસુખનું વિરેચન કરાવનાર ઔષધ છે, અમૃતસ્વરૂપ છે, જન્મ–જરા–મરણની વ્યાધિને હરનાર છે અને સર્વ દુઃખનો ક્ષય કરનાર છે.

૧૮. જિનદર્શનમાં એક તો જિનનું રૂપ, બીજું ઉત્કૃષ્ટ શ્રાવકનું, અને ત્રીજું આર્યાનું– એ ત્રણ લિંગ છે, એ સિવાય ચોથું લિગ ( ભેષ ) જિનદર્શનમાં નથી.

૧૯. જિનવરદેવ દ્વારા નિર્દિષ્ટ છ દ્રવ્યો, નવ પદાર્થો, પાંચ અસ્તિકાય અને સાત તત્ત્વો,–તેના સ્વરૂપને જે શ્રદ્ધે છે તેને સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

૨૦. જીવાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ વ્યવહારથી છે, નિશ્ચયથી પોતાના આત્માનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે, એમ જિનવરોએ કહ્યું છે.

૨૧. હે ભવ્ય! આવા જિનપ્રણીત દર્શનરત્નને તું ભાવથી ધારણ કર, તે ગુણરૂપ રત્નત્રયમાં સાર છે અને મોક્ષનું પ્રથમ સોપાન છે.

૨૨. હે ભવ્ય! જેટલી તારી શક્તિ હોય તેટલું તો કર, અને જે કરવાને તું શક્તિમાન ન હો તેની શ્રદ્ધા કર. કેવળીજિને કહેલાં તત્ત્વોનું શ્રદ્ધાન કરનારને સમ્યક્ત્વ છે.

૨૩. જેઓ દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ અને વિનયમાં સદાકાળ સ્થિત છે–પ્રશસ્ત છે અને ગુણધારક જીવોનો ગુણાનુવાદ કરનારા છે તેઓ વન્દનીય છે.

૨૪. સહજ–ઉત્પન્ન રૂપને દેખીને જે મત્સરભાવયુક્ત જીવ તેને માનતો નથી,–ઈર્ષા

કરે છે, તે જીવ સંયમ પાળતો હોય તોપણ મિથ્યાદ્રષ્ટિ છે.

૨૫. દેવોથી વંદિત એવા શીલસહિત રૂપને દેખીને પણ જે ગર્વ કરે છે ( –વિનય નથી કરતો ) તે સમ્યક્ત્વથી રહિત છે.

૨૬. અસંયતજીવ વંદનીય નથી, વસ્ત્રવિહીન હોય તોપણ તે વંદનીય નથી, એ બંને જીવો સમાન છે, તેમાંથી એક પણ જીવ સંયત નથી.

૨૭. દેહને વંદન કરવામાં આવતું નથી, તેમજ કૂળને પણ નહિ, અને જાતી સંયુક્તને પણ નહિ, જે નથી તો શ્રમણ કે નથી શ્રાવક,–એવા ગુણહીનને કોણ વંદે? ( ગુણથી જ વંદનીયપણું છે. )

૨૮. તપ, શીલ. ગુણ અને બ્રહ્મચર્યથી યુક્ત એવા શ્રમણને હું સમ્યક્ત્વસહિત શુદ્ધભાવે વંદું છું. સમ્યક્ત્વસહિત શુદ્ધભાવથી તેમને સિદ્ધિગમન થાય છે.

૨૯. તીર્થંકરદેવ ચોસઠ ચામરસહિત અને ચોત્રીસ અતિશયસંયુક્ત છે, તથા નિરંતર ઘણા જીવોનાં હિતનું અને કર્મક્ષયના કારણનું નિમિત્ત છે, તેમને પણ હું વંદું છું.

૩૦. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર ગુણોના સમાયોગથી થતા સંયમગુણવડે મોક્ષ થાય છે–એમ જિનશાસનમાં કહ્યું છે.

૩૧. જ્ઞાન તે જીવોને સારરૂપ છે, વળી સમ્યક્ત્વ પણ સારરૂપ છે, સમ્યક્ત્વ વડે ચારિત્ર થાય છે અને ચારિત્ર વડે નિર્વાણ થાય છે.

૩૨. સમ્યક્ત્વ સહિત જ્ઞાનથી, દર્શનથી, તપથી અને ચારિત્રથી,–એ ચારેના સમાયોગથી જીવ સિદ્ધિને પામે છે, તેમાં સંદેહ નથી.

૩૩. વિશુદ્ધ સમ્યક્ત્વ વડે જીવ કલ્યાણની પરંપરાને પામે છે, તે સમ્યગ્દર્શન–રત્નલોકમાં સુર–અસુર વડે પૂજાય છે.

૩૪. ઉત્તમ ગોત્ર સહિત મનુષ્યપણું પામીને, તથા તેમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને જીવ અક્ષયસુખને અને મોક્ષને પામે છે.

૩૫. એકહજારઆઠ સુલક્ષણોથી યુક્ત તથા ચોત્રીસ અતિશય સહિત એવા જે જિનેન્દ્રદેવ વિહાર કરે છે તેમને સ્થાવર–પ્રતિમા કહેલ છે.

૩૬. બાર પ્રકારના તપથી યુક્ત જીવો સ્વકીય વિધિબળથી કર્મનો ક્ષય કરીને, વ્યુત્સર્ગપૂર્વક દેહરહિત થઈને અનુત્તર એવા નિર્વાણને પામ્યા.

( દર્શનપ્રાભૃત પૂર્ણઃ બીજું સૂત્રપ્રાભૃતઃ જુઓ પાનું ૧૭ )

## અધ્યાત્મની વર્ષા

* જડ અને ચેતન પદાર્થો કદી એકમેક નથી, સદાકાળ જાુદા જ છે.
* આત્મા જગતમાં અનંત છે, અને પ્રત્યેક આત્મા પોતપોતાની પરમાત્મશક્તિથી ભરેલો છે. તેનું ભાન અને અનુભવ કરતાં આત્મા પોતે જ પરમાત્મા થાય છે.
* આત્માનું જ્ઞાન અને અનુભવ કરવો તે ધાર્મિક ક્રિયા છે, તે ક્રિયા રાગ વગરની છે, અને તેનાથી મોક્ષ પમાય છે.
* આત્મા ચેતનસ્વરૂપ સ્વતંત્ર વસ્તુ છે, શરીર તે જડ છે, આત્મા તેનાથી જાુદો છે, આત્માની ક્રિયા પણ તેનાથી જાુદી છે.
* બહારના લક્ષે આત્મા જે અશુભ કે શુભ વૃત્તિઓ કરે તે દુઃખરૂપ છે, તેનાથી કર્મો બંધાય છે. તે કર્મો જડ છે. આત્મા તેનાથી પણ જુદો છે.
* આત્મા પોતે પરમ આનંદસ્વરૂપ હોવા છતાં, પોતાના અજ્ઞાનભાવને લીધે તે દુઃખી છે. દુઃખ તેની પોતાની હાલતમાં છે. સાચા આત્મજ્ઞાન વડે તે દુઃખદશા ટળીને સુખદશા પ્રગટી શકે છે. એવી સુખદશા તે જ ધર્મ છે.
* વચન દ્વારા આત્માને ઓળખી શકાતો નથી, રાગ દ્વારા આત્માને ઓળખી શકાતો નથી, ઇન્દ્રિયોથી પાર એવા જ્ઞાનવડે સ્વાનુભવથી આત્મા ઓળખાય છે.
* આત્માનો જેણે પ્રત્યક્ષ અનુભવ કર્યો હોય તેવા જ્ઞાની જ પોતાના આત્માના વૈભવથી આત્માનું શુદ્ધસ્વરૂપ દેખાડી શકે છે. બીજા કોઈ જીવો ત્યાગનું અભિમાન ભલે કરે પણ તેઓ શુદ્ધઆત્માને જાણતા નથી.
* જેમ માનસરોવરમાં રહેનારા હંસલા, સાચા મોતીનો ચારો ચરનારા છે તે કાંકરાને તો ન ચરે, ને જારનાં દાણા પણ ન ચરે, તેમ ચૈતન્યના સરોવરમાં વસનારો આ જીવ–હંસલો, તે આનંદરૂપી મોતીનાં ચારા ચરનારો છે. વિષય–કષાયના અશુભ–પાપભાવરૂપ કાંકરાને તો તે ન ચરે, ને શુભ વિકલ્પોના ચારાને પણ તે ચરનારો નથી, એ તો પોતાના ભેદજ્ઞાનના બળે આનંદરૂપી સાચા મોતીના ચારા ચરનારો છે.
* આત્માનું વાસ્તવિક સ્વરૂપ–જે શરીરથી જાુદું ને રાગથીયે જાુદું છે તેની સાચી વાત જીવોએ પ્રેમપૂર્વક કદી સાંભળી નથી, એકવાર જ્ઞાની પાસેથી તે સ્વરૂપ સાંભળે ને લક્ષગત કરે તો અપૂર્વ સુખ પ્રગટ થયા વગર રહે નહીં,

(જામનગર–પ્રવચનમાંથી)

# કોણ અપરાધી ? કોણ નિર્દોષ ?

## વીતરાગી ન્યાયાલયનો ચુકાદો

જેમ ન્યાયાલયમાં કોણ અપરાધી ને કોણ નિર્દોષ તે નક્કી થાય છે, તેમાં અપરાધીને જેલ મળે છે, ને નિર્દોષ હોય તે છૂટી જાય છે, તેમ અહીં વીતરાગી–ન્યાયાલયમાં ભેદજ્ઞાન વડે તૂલના થાય છે કે ક્યો જીવ અપરાધી છે? ને ક્યો જીવ નિર્દોષ છે. તેમાં અપરાધીજીવ સંસારની જેલમાં બંધાય છે, નિરપરાધી જીવ આનંદમય મુક્તિ પામે છે. જેઓ સંસારજેલમાંથી છૂટવા ચાહતા હોય ને આનંદમય મુક્તિને પ્રાપ્ત કરવા ચાહતા હોય તેઓ અપરાધ અને નિરપરાધ બંનેનું સ્વરૂપ ઓળખીને રાગના સેવનરૂપ અપરાધને છોડો.....ને શુદ્ધાત્માના આરાધન વડે નિરપરાધ થઈને મોક્ષને સાધો.

(સમયસાર ગા. ૩૦૧ થી ૩૦૫)

* સંસારરૂપી જેલમાં કોણ બંધાય છે?

 જે જીવ અપરાધી હોય તે.

* અપરાધી કોણ છે?

 જે જીવ પારકી વસ્તુને ગ્રહણ કરીને પોતાની માને છે તે અપરાધી છે.

* તે અજ્ઞાની શું અપરાધ કરે છે?

 પોતાનો આત્મા તો શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છે, ચૈતન્યભાવ તે જ પોતાનો છે, તેને બદલે ચૈતન્યથી અન્ય એવા રાગાદિ પારકા ભાવોને તથા પર વસ્તુઓને ગ્રહણ કરીને તેને પોતાનાં માની રહ્યો છે–તે પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ છે.

* તે અપરાધી શું કરે છે?

 તે જીવ પોતાના શુદ્ધઆત્માનું સેવન છોડીને; અજ્ઞાનથી રાગાદિરૂપે જ પોતાને

અનુભવતો થકો અશુદ્ધ આત્માને જ સેવે છે. શુદ્ધઆત્માના સેવનરૂપ જે રાધ ( આરાધના ) તેનાથી રહિત તે અપરાધ છે. તે અપરાધી જીવ બંધાય છે.

* નિરપરાધી કોણ છે ?

શુદ્ધ ચૈતન્યભાવ જ હું છું–એમ પોતાને શુદ્ધપણે અનુભવનાર જ્ઞાની જીવ નિરપરાધ છે. તે નિઃશંક છે કે મારા ચૈતન્યભાવમાં કોઈ બંધન છે જ નહીં.

* અશુભ રાગને તો છોડે–પણ શુભરાગને ચૈતન્યનો માને તો ?

તો તે પણ ચોર છે, અપરાધી છે, કેમકે ચૈતન્યભાવમાં શુભ રાગનો પણ અભાવ છે; એટલે ચૈતન્યભાવની અપેક્ષાએ શુભ–રાગ પણ પારકો ભાવ છે; છતાં શુભરાગને પોતામાં ગ્રહણ કરે છે તે પરભાવની ચોરી કરે છે, તેથી તે બંધાય છે.

* તે ચોરી કેમ મટે ? ને બંધન કેમ છૂટે ?

ભેદજ્ઞાન વડે ચૈતન્યભાવ અને રાગભાવને સર્વથા જુદા જાણીને, ચૈતન્યભાવને તો પોતાપણે ગ્રહણ કરવો, અને સમસ્ત રાગાદિ પરભાવોને પરરૂપે જાણીને છોડવા.–એમ કરવાથી શુદ્ધ આત્માનું ગ્રહણ થાય છે, એટલે પરભાવના ગ્રહણરૂપ ચોરી મટીને નિરપરાધપણું થાય છે, અને બંધન છૂટી જાય છે. શુદ્ધાત્મારૂપે જ પોતાને અનુભવનારો જીવ બંધનને છેદીને અલ્પકાળમાં મોક્ષને પામે છે. અને આત્માને અશુદ્ધ અનુભવનારો જીવ શુભરાગ વડે પણ કદી બંધનથી છૂટકારો પામતો નથી, તે બંધાય જ છે.

* શુદ્ધઆત્મા કેવો છે ?

તે મહા આનંદનો ભંડાર છે, દુઃખથી ખાલી છે, તેમાંથી ગમે તેટલો આનંદ પ્રગટ કરીને ભોગવ્યા જ કરો, પણ તે કદી ખૂટે તેમ નથી, આવો આનંદનો ખજાનો આત્મા છે. આવા આત્માને અનુભવતો ધર્મી જીવ મુક્ત છે.

* ધર્મી મુક્ત કેમ છે ?

શુદ્ધ ચૈતન્યભાવરૂપ પોતાના અનુભવમાં રાગાદિ બંધભાવનો જરાપણ પ્રવેશ થવા દેતા નથી, બંધભાવને પોતાથી અત્યંત જાુદો ને જાુદો રાખે છે, તેથી તે મુક્ત છે.

* રાગના સેવન વડે નિરપરાધપણું થાય ખરૂં? એટલે કે મુક્તિ થાય ખરી?

ના, રાગ પોતે અપરાધ છે, બંધભાવ છે, તેના સેવન વડે નિરપરાધપણું કે મુક્તિ ન થાય. રાગના સેવનથી લાભ માનવો એ તો મોટો અપરાધ છે.

* શુભરાગ વડે અપરાધ ઘટે તો ખરોને?

અશુભના પાપની અપેક્ષાએ શુભરાગમાં અપરાધ ઘટયો એમ વ્યવહારથી ભલે કહેવાય, પણ ખરેખર રાગથી જાુદાપણે આત્માને શુદ્ધ અનુભવે ત્યારે જ શુભરાગમાં અપરાધ ઘટયો કહેવાય છે, બાકી જે રાગરૂપ અપરાધને જ પોતાનું સ્વરૂપ માની રહ્યો છે તેને અપરાધ ઘટયો કેમ કહેવાય? નિરપરાધસ્વરૂપના લક્ષે જેટલો રાગ ઘટયો તેટલો અપરાધ ઘટયો.

* કોના સેવનથી મુક્તિ થાય?

શુદ્ધઆત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે તે આરાધના છે, અને તે જ નિરપરાધપણું છે, તેનાથી મુક્તિ પમાય છે. આ રીતે રાગરહિત એવા શુદ્ધાત્માના જ સેવનથી મુક્તિ થાય છે.

* આરાધકજીવ સદાય કેવો વર્તે છે?

તે નિઃશંકપણે એમ અનુભવે છે કે ‘જેનું લક્ષણ ઉપયોગ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું.’–આમ નિશ્ચય કરીને પોતાને શુદ્ધ અનુભવતો હોવાથી તેને શુદ્ધઆત્માની સિદ્ધિ છે, એટલે તે શુદ્ધ આત્માની પ્રાપ્તિરૂપ આરાધના સહિત સદાય વર્તે છે.

* અજ્ઞાની જીવ કેવો છે?

સ્વ–પરને એકમેક અનુભવનારા અજ્ઞાની જીવને પરદ્રવ્યના ગ્રહણનો સદ્ભાવ હોવાથી શુદ્ધ આત્માની સિદ્ધિનો અભાવ છે. અશુદ્ધતાને જ અનુભવતો હોવાથી તે અનારાધક છે, અપરાધી છે, અને બંધાય છે.

* જ્ઞાનીનું સ્વકાર્ય શું છે?

પરભાવોથી રહિત એવા પોતાના શુદ્ધઆત્માનો અનુભવ તે જ્ઞાનીનું સ્વકાર્ય છે, ને ભેદજ્ઞાન વડે જ્ઞાનીને તે સ્વકાર્યની સિદ્ધિ છે. આવી સિદ્ધિ તે જ આરાધના છે, તે જ નિર્દોષપણું છે, તે જ મોક્ષની સાધના છે, તે જ આત્માની

પોતાના ઉપર પ્રસન્નતા છે. અહો, મારો આત્મા પોતે પોતાના ઉપર પ્રસન્ન થયો. કોઈ પારકી કૃપા કે પારકી પ્રસન્નતા આત્માને કાંઈ આપી દે તેમ નથી, જ્ઞાનીએ સ્વાનુભૂતિ વડે પોતાના આત્માને પ્રસન્ન કર્યો, એટલે કે આત્માની આરાધના કરી; ત્યાં આત્મા પોતે પ્રસન્ન થઈને પોતાને પૂર્ણ આનંદ ને મોક્ષ આપે છે; એટલે કાર્યની સિદ્ધિ થઈ જાય છે. આત્મા સિવાય બીજાની આરાધના કરીને તેમની પાસેથી કાંઈ લેવા માંગે તો તે અપરાધી છે. અજ્ઞાની છે. કેમકે તે પારકી વસ્તુનું ગ્રહણ કરવા માંગે છે. જ્ઞાની જાણે છે કે મારે જગતમાં કોઈ પાસેથી કાંઈ લેવાનું નથી, પરદ્રવ્ય વગરનો મારો ઉપયોગ–સ્વરૂપ આત્મા જ સ્વયં પરિપૂર્ણ છે; આવા મારા આત્માની જ આરાધનાથી મારા સ્વકાર્યની સિદ્ધિ છે.

* અજ્ઞાની કોને ભજે છે?

અજ્ઞાની અશુદ્ધ આત્માને ભજે છે, એટલે કે રાગાદિ અશુદ્ધભાવરૂપે જ પોતાને સેવે છે. આવું અશુદ્ધતાનું સેવન તે જ અપરાધ હોવાથી બંધનું કારણ છે.

* જ્ઞાની કોને ભજે છે?

જ્ઞાની તો સ્વસન્મુખ પ્રજ્ઞા વડે રાગ અને જ્ઞાનને જુદા કરીને પોતાને જ્ઞાનસ્વરૂપે જ અનુભવે છે એટલે કે પોતાના શુદ્ધઆત્માને જ તે ભજે છે, તેમાં નિર્દોષપણું હોવાથી તેને બંધન જરાપણ થતું નથી.

* જીવે શું કર્યું?

અજ્ઞાનીપણે જીવે સદાય રાગનું જ ભજન કર્યું છે, રાગથી ભિન્ન શુદ્ધ જ્ઞાનમય આત્માનું ભજન (તેનાં શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ) કરે તો તેને સંસારભ્રમણ રહે નહીં, તે આરાધક થઈને મોક્ષને સાધે.

* કોણ અપરાધી? ને કોણ નિર્દોષ?

હે ભાઈ! તું ઉપયોગસ્વરૂપ આત્મા સિવાય કોઈ પણ પરવસ્તુને કે રાગાદિ કોઈ પરભાવને તારામાં ગ્રહણ કરે છે?–કે તેનાથી લાભ માને છે?

–જો કહે કે હા; તો આચાર્ય ભગવાન કહે છે કે તું પારકી વસ્તુને લેનારો અપરાધી છો, તને કર્મબંધન થશે.

ઉપયોગ સિવાય બીજા કોઈ પરભાવો મારાં નથી, ઉપયોગસ્વરૂપ જ હું છું–એમ જે એકલા સ્વદ્રવ્યને જ ગ્રહણ કરે છે અને પરદ્રવ્યને કે રાગને પોતામાં જરાપણ ગ્રહણ કરતો નથી તે જીવ નિર્દોષ નિરપરાધી છે, તેને જરાય બંધન થતું નથી, નિઃશંકપણે શુદ્ધઆત્મામાં જ વર્તતો થકો તે મોક્ષને સાધે છે.

–આવો વીતરાગીન્યાય સમજીને હે જીવ! ઉપયોગસ્વરૂપ સ્વદ્રવ્યને જ પોતાનું જાણીને તેના અનુભવવડે તું મોક્ષને સાધ, અને એ સિવાયના સમસ્ત પરભાવોને પોતાથી ભિન્ન જાણીને તેનું મમત્વ છોડ.–આ સિદ્ધાંતનો સાર છે.....આ મુક્તિપંથ છે.

## 卐 ચૈતન્યચિહ્‌ન વડે ભેદજ્ઞાન 卐

### ( સ્વાનુભવનો ઉત્સાહ જગાડનારું સુંદર પ્રવચન )

ચૈતન્ય–અનુભૂતિ તે જ આત્માનું ચિહ્ન છે. ચૈતન્યથી ભિન્ન જે કોઈ ભાવો છે તે આત્મા નથી. ચૈતન્યથી બાહ્ય એવા જે જુદા–અબદ્ધ પદાર્થો સ્ત્રી–કુટુંબ–લક્ષ્મી વગેરે તો આત્મા નથી, ને બદ્ધ એવા જે રાગાદિભાવો તે પણ આત્મા નથી. રાગ કાંઈ ચૈતન્યની અનુભૂતિમાંથી ઉત્પન્ન થયેલો નથી, તે અનુભૂતિથી બહાર છે. જો રાગ આત્માનું સ્વ હોય તો તો આત્માના અનુભવમાંથી રાગથી ઉત્પત્તિ થાય!–પણ ચૈતન્યના અનુભવમાં રાગનો અભાવ છે, ચૈતન્ય તે રાગનું ઉત્પાદક નથી પણ નાશક છે. આવા ચૈતન્યલક્ષણસ્વરૂપ આત્માનો અનુભવ ગૃહસ્થપણામાં રહેલા જીવને પણ થઈ શકે છે. ચૈતન્યના વિલાસમાં રાગનો કે જડનો વિલાસ નથી. અન્ય જીવનો વિલાસ પણ આ જીવથી જુદો છે. અરે, આવો સ્પષ્ટ જુદો ચૈતન્યનો વિલાસ, અને જડની સ્પષ્ટ ભિન્નતા, છતાં અજ્ઞાનીઓ કેમ મોહ પામે છે?

અહા, જડ–ચેતનને ભિન્ન અનુભવનારા મુનિવરો ચૈતન્યના અનુભવમાં ઝૂલતા વનમાં વસે છે. જેમ જંગલનો રાજા સિંહ વનમાં નિર્ભયપણે વિચરતો હોય તેમ પરમેશ્વર જેવા મુનિ પરમેષ્ઠી નિર્ભયપણે વનમાં વિચરે છે ને એકત્વ–સ્વરૂપને સાધે છે. તેઓ કહે છે કે અરે, જગતના જીવો આવા ભિન્ન ચૈતન્યને કેમ દેખતા નથી? તેઓ કેમ અચેતનને ચેતન સાથે એકમેક દેખે છે? અમે તો અમારા આત્મામાં સ્પષ્ટ ભિન્નતા અનુભવીએ છીએ ને મોહને અત્યંત નષ્ટ કર્યો છે; આવી સ્પષ્ટ ભિન્નતા અમે દર્શાવી

છતાં અજ્ઞાનીઓને મોહ કેમ નાચે છે? અહા, શુદ્ધ ચૈતન્યના અમૃતથી ભરેલા આ અમૃતકળશ, તે ચૈતન્યને અત્યંત વિભક્ત દર્શાવીને અમૃતનો અનુભવ કરાવે છે. હવે કોણ આવો અનુભવ ન કરે? બધાય જીવો આવો અનુભવ કરો. ચૈતન્યનિશાન વડે આત્માને પરભાવોથી અત્યંત જુદો સ્પષ્ટ દેખાડયો.....આત્માનો અર્થી થઈને જુએ તો એકદમ સહજ–સુગમ છે; તે સાંભળતાં ખરા જિજ્ઞાસુને એમ થાય કે વાહ? કેટલું સ્પષ્ટ ભેદજ્ઞાન! જેને ચૈતન્ય તરફ રુચિ–ઉલ્લાસ–પ્રેમ–આદર–ઝૂકાવ હોય તેને તે અશક્ય કે દુર્ગમ્ય ન લાગે, પણ આ તો મારા સ્વઘરની ચીજ છે, તે મારા અંતર પ્રયત્ન વડે સુગમ છે,–એમ ભરોસો લાવી, ઉત્સાહ લાવી. સ્વસન્મુખ ઝૂકાવ વડે તે સ્વાનુભવથી ચૈતન્યને પ્રાપ્ત કરે જ છે. ન થાય–એવી વાત જ નથી.

પ્રશ્નઃ– આ જાણવા છતાં વિકલ્પ તો ઊઠે જ છે?

ઉત્તરઃ– ચૈતન્યલક્ષણ તે વિકલ્પને પણ જુદો પાડી નાંખે છે, એટલે વિકલ્પ ઉપર જોર નથી પણ ચૈતન્ય ઉપર જોર છે. ચૈતન્ય તરફનું જોર વિકલ્પ તોડીને ઉપયોગને અંતરમાં વાળે છે; ત્યાં વિકલ્પથી પાર ચૈતન્યના અમૃતનો અનુભવ થાય છે.

ચૈતન્યચિહ્ન તે જ આત્માની નિશાની છે. એવા ચૈતન્યનિશાન વડે રાગાદિથી પણ ભિન્ન એવા ચૈતન્યતત્ત્વને ઓળખીને, ભેદજ્ઞાનરૂપી કરવતના વારંવાર અભ્યાસ વડે આ આત્મા નિર્વિકલ્પ આનંદના અનુભવ સહિત અત્યંતપણે પ્રકાશી ઊઠે છે. પહેલાં સમ્યગ્દર્શન પણ આવા ભેદજ્ઞાનના અભ્યાસથી થાય છે અને પછી કેવળજ્ઞાન પણ આવા ભેદજ્ઞાનના અભ્યાસથી થાય છે. ભેદજ્ઞાન કરીને જ્યાં આત્માનો ઉપયોગ આત્મામાં લીન થયો ત્યાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ને કેવળજ્ઞાન પ્રગટે છે.

અનાદિથી જીવ–અજીવનો સંયોગ છે, તેમાં જીવના ચૈતન્યચિહ્નને નહિ જાણનાર અજ્ઞાની જીવો ભિન્ન આત્માને પામતા નથી; પરંતુ ધન્ય અવસર પામીને શ્રી ગુરુના ઉપદેશથી ચૈતન્ય ચિહ્નવડે જીવ–અજીવની ભિન્નતા જાણીને જ્યારે સમ્યક્ ભેદવિજ્ઞાન કરે ત્યારે તે જીવ પોતાના ચૈતન્યભાવને જ ગ્રહણ કરે છે, ને અજ્ઞાનને નષ્ટ કરે છે. અહો, એવા ભેદવિજ્ઞાની જીવો આ જગતમાં મહાત્મા કહેવાય છે; ભેદજ્ઞાનના અભ્યાસ વડે અલ્પકાળમાં મોક્ષપદને સાધીને તેઓ નિરંતર સુખી રહે છે.

# પ્રતીતિના પ્રતાપે પરમાત્મા પ્રતીતિના અભાવે પરિભ્રમણ

(૧) આત્મા જ્ઞાનસ્વભાવી છે, તેના જ્ઞાનમાં સર્વજ્ઞ થવાની તાકાત છે. જ્ઞાનને સર્વ પરભાવોથી ભિન્ન અનુભવવું તે સર્વજ્ઞ થવાનો ઉપાય છે.

(૨) જીવ પોતે પોતાના આવા પરિપૂર્ણ સામર્થ્યની પ્રતીત જ્યાં સુધી ન કરે ત્યાંસુધી આત્માની સમ્યક્ પ્રતીતિ થાય નહીં.

(૩) 'હું જ્ઞાનસ્વભાવ છું' એવી પ્રતીતિના પ્રતાપે આત્મા પોતે પરમાત્મા થાય છે; ને તે પ્રતીતિના અભાવે આત્મા સંસારમાં પરિભ્રમણ કરે છે.

(૪) 'હું જ્ઞાનસ્વભાવ છું' એવી પ્રતીતિ કરીને જ્યારે આત્મા તેને ધ્યાવે છે, એટલે કે ધ્યાનમાં તે જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહીને તેમાં તન્મયપણે લીન થાય છે ત્યારે તુરત જ પરમઆનંદમય કેવળજ્ઞાન પ્રગટે છે.

(૫) તે કેવળજ્ઞાની ભગવાન સંપૂર્ણ અતીન્દ્રિય થયા છે. તેમને ઇન્દ્રિયો સાથે સંબંધનો અભાવ હોવાથી તેઓ ઇન્દ્રિયોથી પાર છે.

(૬) સર્વજ્ઞનું જ્ઞાન સર્વ આત્મપ્રદેશે સોળકળાએ ખીલી ગયું છે. કોઈ આવરણ તેને નથી રહ્યું કે જે કાંઈ પણ જ્ઞેયને જાણતાં તેને રોકે. તેઓ નિર્વિઘ્ન ખીલેલી નિજશક્તિથી સર્વજ્ઞેયોને એક સાથે પ્રત્યક્ષ જાણે છે.

(૭) જ્ઞાનની જેમ ભગવાનના સુખનું પણ એ જ પ્રમાણે સમજી લેવું. અતીન્દ્રિય થયેલા તે સર્વજ્ઞભગવાન ભોજનાદિ ઇન્દ્રિયવિષયો વગર જ પોતાના અતીન્દ્રિય પરમ સુખને અનુભવે છે. સુખના અનુભવમાં વિઘ્ન કરનાર કોઈ કર્મ તેમને નથી રહ્યું, સ્વાધીનપણે જ તેઓ પૂર્ણ સુખરૂપે પરિણમી ગયા છે, તેથી સુખ માટે બીજા કોઈ વિષયોની અપેક્ષા તે સ્વયંભૂ–પરમાત્માને નથી.

(૮) સર્વજ્ઞતાની પ્રતીતિનો એવો પ્રતાપ છે કે તે પ્રતીતિ કરવા જતાં સ્વ–સન્મુખતા થઈને આત્મપ્રતીતિ થઈ જાય છે...ને સમ્યગ્દર્શન થાય છે. તે પ્રતીતિનો પ્રતાપ તેને અલ્પકાળમાં સર્વજ્ઞપરમાત્મા બનાવી દે છે.

(૯) સર્વજ્ઞતાની પ્રતીતિના અભાવે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને, રાગાદિ વિભાવનો જ કર્તા થઈને સંસારમાં રખડે છે.

(૧૦) આ રીતે પ્રતીતિના પ્રતાપે પરમાત્મા થવાય છે.

અને પ્રતીતિના અભાવે પરિભ્રમણ થાય છે.

માટે હે જીવો! સર્વજ્ઞસ્વભાવી આત્માની પ્રતીતિ કરો...ને તેનો અચિંત્યમહિમા જાણીને તેમાં ઠરો.....એમ શ્રી સન્તોનો ઉપદેશ છે.

*

# મોક્ષનો માર્ગ

એકવાર એક મુમુક્ષુ જીવને વિચાર આવ્યો કે અરે, આ સંસારમાં અનાદિથી હું દુઃખી છું, તે દુઃખ ટાળીને આત્માનું હિત અને સુખ મારે પ્રાપ્ત કરવું છે. તે હિત કઈ રીતે થાય?

આમ વિચારીને તે જીવ વનમાં ગયો, વનમાં ઘણા મુનિવરો આત્માના ધ્યાનમાં બિરાજતા હતા. તેઓ અત્યંત શાંત હતા. અહા! એમની શાંત મુદ્રા મોક્ષનો માર્ગ જ દેખાડતી હતી.

મુમુક્ષુ જીવે તેમને વંદન કરીને ઘણા જ વિનયપૂર્વક પૂછ્યું– પ્રભો! આત્માના હિતનો ઉપાય શું છે? મોક્ષનો માર્ગ શું છે?

આચાર્ય મહારાજે કૃપાપૂર્વક કહ્યું: હે ભવ્ય!


**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः।**

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.

મુનિરાજના શ્રીમુખથી આવો મોક્ષમાર્ગ સાંભળીને તે મુમુક્ષુ ઘણો ખુશી થયો, ને ભક્તિપૂર્વક તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરવા માટે તૈયાર થયો.

બંધુઓ! આપણે પણ તે મુમુક્ષુની જેમ મોક્ષમાર્ગને ઓળખવો જોઈએ, ને તેની આરાધના કરવી જોઈએ.

# વૈશાખ સુદ બીજઃ ભાવનગરમાં
# ગુરુદેવની જન્મજયંતિનાં દૃશ્યો



જન્મોત્સવની મંગલ વધાઈ લઈને હજારો ભક્તો આદિનાથનગરમાં ઊભરાઈ રહ્યા છે...હાથીરાજ પણ આનંદથી તૈયાર થઈને ઊભા છે......ગુરુદેવ પધારતાં ભાવનગર મુમુક્ષુમંડળના પ્રમુખશ્રી હિંમતભાઈ હાથમાં શ્રીફળ સહિત હાર્દિક ઉમંગથી સ્વાગત કરી રહ્યા છે.....અને કહે છે કે અહો ગુરુદેવ! આપે તો અમને મિથ્યા માર્ગેથી છોડાવ્યા......ને મોક્ષનો સાચો રાહ બતાવ્યો......

# ૨. સૂત્ર પ્રાભૃત

卐

૧. અરિહંતદેવ વડે ભાષિત અર્થને ગણધર દેવે સૂત્રાર્થની માર્ગણા–અર્થે, સમ્યક્પ્રકારે શાસ્ત્રરૂપ ગૂંથ્યા, તેના વડે શ્રમણો પરમાર્થને સાધે છે.

૨. સૂત્રમાં સમ્યક્ પ્રકારે જે પ્રતિપાદિત છે તેને આચાર્ય પરંપરારૂપ માર્ગ વડે દ્વિવિધપણે જાણીને, ભવ્ય જીવ શિવમાર્ગમાં વર્તે છે.

૩. જેમ સૂત્ર વગરની સોય નાશ પામે છે પણ સૂત્ર સહિત સોય નાશ પામતી નથી, તેમ સૂત્રનો જાણકાર ભવ્ય જીવ ભવનો નાશ કરે છે, પણ ભવમાં ભટકતો નથી.

૪. જે પુરુષ 'સસૂત્ર' એટલે કે સૂત્રના જ્ઞાનસહિત છે તે સંસારમાં રહ્યા છતાં નાશ પામતો નથી, પરંતુ અદ્રશ્યમાન એવા આત્માને પણ તે સૂત્ર જ્ઞાનના બળે સ્વસંવેદન–પ્રત્યક્ષ કરીને સંસારનો નાશ કરે છે.

૫. જિનદેવે કહેલા સૂત્રાર્થને જે જાણે છે, તથા જીવ–અજીવાદિ બહુવિધ અર્થોને જે જાણે છે, અને હેય–ઉપાદેયને જાણે છે, તે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે.

૬. હે યોગી! સૂત્રમાં જિનદેવે કહેલા વ્યવહાર તથા પરમાર્થને જાણો. યોગીઓ તેને જાણીને સુખને પામે છે ને મલપૂંજનો ક્ષય કરે છે.

૭. સૂત્રોનાં અર્થ અને પદ જેને વિનષ્ટ છે તેને મિથ્યાદ્રષ્ટિ જાણવો. વસ્ત્રસહિત હોય તેણે કુતૂહલથી પણ પાણિપાત્ર (હસ્તભોજન) કર્તવ્ય નથી.

૮. સૂત્રજ્ઞાન વગરનો નર ભલે હરિ–હર તૂલ્ય હોય, સ્વર્ગમાં જાય અને કરોડો ભવ કરે તોપણ સિદ્ધિને પામતો નથી, તેને સંસારસ્થ જ કહ્યો છે.

૯. ઉત્કૃષ્ટ સિંહચર્યા કરે, ઘણાં પરિકર્મ (તપશ્ચરણાદિક) કરતો હોય, ગુરુપણાના ભારથી (એટલે કે મોટી પદવીથી) સહિત હોય, તે પણ જો સ્વચ્છંદપણે વિહરે તો પાપમાં જાય છે ને મિથ્યાત્વી થાય છે.

૧૦. જેમાં અચેલપણું તથા પાણિપાત્ર છે એવો એક જ મોક્ષમાર્ગ પરમ જિનવરેન્દ્રો વડે ઉપદિષ્ટ છે, બાકી તો બધા અમાર્ગ છે.

૧૧. જે સંયમ સહિત છે અને આરંભ–

પરિગ્રહથી વિરત છે તે, સૂર–અસુર ને મનુષ્ય સહિત એવા આ લોકમાં વંદનીય છે.

૧૨. જેઓ સેંકડો શક્તિ સહિત છે છતાં બાવીસ પરિષહને સહન કરે છે, તે સાધુઓ વન્દનીય છે, અને તેઓને કર્મક્ષયરૂપ નિર્જરા થાય છે.

૧૩. એ સિવાયના ભેષમાં જે સમ્યગ્દર્શન ને જ્ઞાનસહિત છે તેમ જ વસ્ત્રપરિગ્રહયુક્ત છે તેને ‘ઈચ્છાકારયોગ્ય’ કહ્યા છે.

૧૪. જે જીવ ઈચ્છાકારરૂપ મહાન અર્થસહિત છે સૂત્રમાં સ્થિત છે, ને કર્મને છોડે છે તથા સમ્યક્ત્વના સ્થાનોમાં સ્થિત છે તેને પરલોક સુખકર થાય છે.

૧૫. જે જીવ આત્માને ઈચ્છતો નથી, તે ધર્મનાં બીજાં બધાં આચરણ કરે તો પણ સિદ્ધિને પામતો નથી, તેને તો સંસારસ્થ જ કહ્યો છે.

૧૬. આ કારણથી હે ભવ્ય જીવો! તમે તે આત્માને ત્રિવિધે શ્રદ્ધો, અને પ્રયત્નવડે તેને જાણો–કે જેથી મોક્ષને પામશો.

૧૭. સાધુને વાળની અણી જેટલા પણ પરિગ્રહનું ગ્રહણ હોતું નથી, તે એક સ્થાને, કરપાત્રમાં, બીજાએ આપેલ ભોજન કરે છે.

૧૮. મુનિપણું યથાજાતરૂપ–સદ્રશ છે, મુનિ તિલતુષમાત્રને પણ હાથથી ગ્રહણ કરતા નથી; અને જો તે થોડોઘણો પણ પરિગ્રહ ગ્રહણ કરે તો નિગોદમાં જાય છે.

૧૯. જે મતમાં લિંગને એટલે કે સાધુને અલ્પ કે વધુ પરિગ્રહનું ગ્રહણ છે તે ગર્હ્ય એટલે કે નિંદ્ય છે, જિનવચનમાં તો સાધુ પરિગ્રહરહિત નિરાગાર કહ્યા છે.

૨૦. પાંચ મહાવ્રત અને ત્રણ ગુપ્તિથી જે યુક્ત છે તે સંયત છે, અને તે જ નિર્ગ્રંથ મોક્ષમાર્ગ છે, તથા તે વંદનીય છે.

૨૧. બીજો ભેષ ઉત્કૃષ્ટ શ્રાવકનો છે; તે આહાર માટે જાય છે, અને ભાષાસમિતિપૂર્વક અથવા મૌનપૂર્વક વાસણમાં ભોજન કરે છે.

૨૨. ત્રીજો વેષ આર્યિકા–સ્ત્રીનો છે, તે દિવસમાં એક વખત ભોજન કરે છે; તે આર્યિકા એક વસ્ત્રસહિત હોય છે, ને વસ્ત્રસહિત ભોજન કરે છે.

૨૩. ભલે તીર્થંકર થનાર હોય તોપણ જિનશાસનમાં વસ્ત્રસહિત સિદ્ધિ પામતા નથી. નગ્નપણું એ જ મોક્ષમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે.

૨૪. સ્ત્રીને યોનિમાં, સ્તનમાં, નાભિમાં, અને કાંખમાં સૂક્ષ્મકાય જીવોની ઉત્પત્તિ કહી છે, તેને પ્રવજ્યા ( મહાવ્રત ) કેવી રીતે હોય ?–અર્થાત્ ન હોય.

૨૫. સ્ત્રી પણ જો દર્શનશુદ્ધિવડે શુદ્ધ હોય

તો તેને માર્ગ–સંયુક્તા કહેવામાં આવી છે; તે ઘોર આચરણને આચરે છે, પરંતુ સ્ત્રીઓને પ્રવજ્યા હોતી નથી.

૨૬. સ્ત્રીને ચિત્તની શુદ્ધતા હોતી નથી, તથા સ્વભાવે જ તે ઢીલા ભાવવાળી છે; તેને માસિક હોય છે, તેથી તેને નિઃશંકધ્યાન હોતું નથી.

૨૭. જેમ સમુદ્રના જળમાંથી લોકો પોતાના વસ્ત્ર ધોવા પૂરતું જ પાણી ગ્રહણ કરે છે, તેમ જે ગ્રાહ્યમાંથી પણ અલ્પને જ ગ્રહણ કરે છે, ને જેમની ઈચ્છા નિવૃત્ત થઈ છે તેમને સર્વદુઃખની નિવૃત્તિ થાય છે.

( બીજું સૂત્રપ્રાભૃત પૂર્ણ )

## શ્રાવણ માસનો ધાર્મિક શિક્ષણવર્ગ

સોનગઢમાં દરવર્ષની જેમ પ્રૌઢવયના ગૃહસ્થ ભાઈઓ માટેનો જૈન ધાર્મિક શિક્ષણવર્ગ શ્રાવણ સુદ પાંચમ ને શુક્રવાર તા. ૭–૮–૭૦ થી શરૂ થશે અને શ્રાવણ વદ ૧૦ ને બુધવાર તા. ૨૬–૮–૭૦ ના રોજ પૂર્ણ થશે. જે ભાઈઓને શિક્ષણ વર્ગનો લાભ લેવાની ભાવના હોય તેમણે નીચેના સરનામે ખબર આપવા અને સમયસર સોનગઢ આવી જવું.

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ

* * *

ભગવાન શ્રી કુંદકુંદ સ્વામી રચિત અષ્ટપ્રાભૃતમાંથી ચાર પ્રાભૃતના ગુજરાતી અર્થ આ અંકમાં આપ્યા છે, પાંચમું 'ભાવપ્રાભૃત' છે, તેમાં સમ્યક્ત્વાદિ ભાવશુદ્ધિ પ્રગટ કરવા માટે આચાર્યદેવે અત્યંત વૈરાગ્ય રસભીની શૈલીમાં દ્રષ્ટાંતો સહિત ઉત્તમ પ્રેરણા આપી છે તે આપ આગામી અંકમાં જરૂર વાંચશોજી.

પૂ. ગુરુદેવ પ્રવચનમાં અષ્ટપ્રાભૃત ચોથી વખત વાંચી રહ્યા છે. આ અષ્ટપ્રાભૃતમાં આચાર્યદેવે વર્ણવેલા ઉત્તમ વિષયો જિજ્ઞાસુઓને ખ્યાલમાં આવે તે માટે અહીં તેની ગાથાના માત્ર ગુજરાતી અર્થ આપ્યા છે,–જે સુગમ હોવાથી સૌને સ્વાધ્યાયમાં ઉપયોગી થશે. આમાં ક્યાંય કોઈ સંશોધનની જરૂર લાગે તો પ્રેમપૂર્વક સૂચવવા જિજ્ઞાસુઓને વિનંતિ.

– બ્ર. હ. જૈન

# ३. चारित्र प्राभृत

卐

૧–૨. સર્વજ્ઞ સર્વદર્શી નિર્મોહી વીતરાગ અને ત્રણ જગતથી વંદ્ય એવા અરિહંત પરમેષ્ઠીને વંદન કરીને, મોક્ષની આરાધનાના હેતુરૂપ એવું ચારિત્રપ્રાભૃત હું કહીશ;–કે જે ભવ્યજીવોને માટે સમ્યક્જ્ઞાન–દર્શન તથા ચારિત્રની શુદ્ધિનું કારણ છે.

૩. જે જાણે છે તે જ્ઞાન છે, જે દેખે છે તે દર્શન છે, અને જ્ઞાન તથા દર્શનના સમ્યક્ સહયોગપૂર્વક ચારિત્ર હોય છે–એમ કહ્યું છે.

૪. તે જ્ઞાન–દર્શન–ચારિત્ર ત્રણે જીવના અક્ષય અમાપ ભાવો છે. તે ત્રણેની સંશુદ્ધિ માટે જિનભગવાને દ્વિવિધ ચારિત્ર કહ્યું છે.

૫. જિનદેવકથિત જ્ઞાન અને દ્રષ્ટિની શુદ્ધતારૂપ પ્રથમ સમ્યક્ત્વચરણ–ચારિત્ર છે, અને બીજું સંયમચરણ–ચારિત્ર છે. તે પણ નિજજ્ઞાનવડે દર્શાવ્યું છે.

૬. એ પ્રમાણે બે પ્રકારનું ચારિત્ર જાણીને, જિનદેવે કહેલા સમ્યક્ત્વને મલિન કરનારા મિથ્યાત્વજન્ય જે શંકાદિ દોષો તે સર્વેને ત્રિવિધયોગથી હે જીવ ! તું છોડ.

૭–૮. નિઃશંકતા નિઃકાંક્ષા નિર્વિચિકિત્સા અમૂઢદ્રષ્ટિ ઉપગૂહન સ્થિતિકરણ વાત્સલ્ય અને પ્રભાવના–એવા આઠ ગુણવડે વિશુદ્ધ જિનસમ્યક્ત્વ છે, તેને ઉત્તમ મોક્ષસ્થાનની પ્રાપ્તિ અર્થે જે જીવ જ્ઞાનસહિત આચરે છે તેને સમ્યક્ત્વચરણરૂપ પ્રથમ ચારિત્ર હોય છે.

૯. સમ્યક્ત્વચરણથી સુવિશુદ્ધ એવા અમૂઢદ્રષ્ટિવંત જ્ઞાની જો સંયમચરણથી પણ સુવિશુદ્ધ હોય તો શીઘ્ર નિર્વાણને પામે છે.

૧૦. સમ્યક્ત્વ–ચરણથી ભ્રષ્ટ અને જ્ઞાનમાં મૂઢ એવો અજ્ઞાની જીવ સંયમચરણને આચરતો હોય તોપણ નિર્વાણને પામતો નથી.

૧૧–૧૨. જે જીવ નિર્મોહપણે જિનસમ્યક્ત્વને આરાધે છે, તે જીવ વાત્સલ્ય, વિનય, અનુકંપા, સુપાત્રદાનમાં દક્ષપણું, માર્ગના ગુણોની પ્રશંસા, ઉપગૂહન, ધર્મરક્ષા તથા આર્જવભાવ–એવા લક્ષણોથી લક્ષિત થાય છે.

૧૩. અજ્ઞાનમય મોહમાર્ગરૂપ એવા કુદર્શન પ્રત્યે જે જીવ ઉત્સાહભાવના, પ્રશંસા, સેવા અને શ્રદ્ધા કરે છે તે જિનસમ્યક્ત્વને છોડે છે.

૧૪. જે જીવ જ્ઞાનમાર્ગવડે સુદર્શનમાં ઉત્સાહભાવના, પ્રશંસા, સેવા અને શ્રદ્ધા કરે છે તે જિનસમ્યક્ત્વને છોડતો નથી.

૧૫. હે જીવ! તું જ્ઞાનવડે અજ્ઞાનને છોડ, તથા વિશુદ્ધ સમ્યકત્વ વડે મિથ્યાત્વને છોડ; અને આરંભસહિત એવા મોહને અહિંસાધર્મવડે પરિહર.

૧૬. હે જીવ! સંગત્યાગરૂપ પ્રવજ્યામાં, સમ્યક્ તપમાં તથા સમ્યક્ સંયમ ભાવમાં તું પ્રવર્તે, એ રીતે નિર્મોહ અને વીતરાગપણું થતાં તને સુવિશુદ્ધ ધ્યાન થશે.

૧૭. મૂઢ જીવ મિથ્યાબુદ્ધિના ઉદયથી, અજ્ઞાન અને મોહાદિ–દોષથી મલિન એવા મિથ્યાદર્શનમાર્ગમાં પ્રવર્તે છે.

૧૮. આત્મા દ્રવ્યપર્યાયરૂપ વસ્તુને સમ્યક્દર્શન વડે દેખે છે, જ્ઞાનવડે જાણે છે અને સમ્યક્ત્વ વડે શ્રદ્ધે છે, આવા શ્રદ્ધાનાદિપૂર્વક તે ચારિત્રજન્ય દોષોને પરિહરે છે.

૧૯. આ સમ્યક્ત્વાદિ ત્રણ ભાવો મોહરહિત જીવને હોય છે, તેના વડે નિજગુણને આરાધતો થકો તે જીવ અલ્પકાળમાં કર્મોને પરિહરે છે.

૨૦. સમ્યક્ત્વને અનુચરનાર ધીરપુરુષ સંસારમાં મેરુ જેટલા સંખ્યાત કે અસંખ્યાતગુણા દુઃખોને પણ ક્ષય કરે છે.

૨૧. બીજું સંયમઆચરણરૂપ ચારિત્ર છે તે સાગાર અને નિરાગાર એમ બે પ્રકારનું છે; તેમાં સાગારચારિત્ર તો સગ્રંથ એવા શ્રાવકને હોય છે, અને નિરાગાર ચારિત્ર પરિગ્રહરહિત મુનિઓને હોય છે.

૨૨–૨૩. દર્શનપ્રતિમા, વ્રત, સામાયિક, પ્રૌષધઉપવાસ, સચિત્તત્યાગ, રાત્રિ–ભોજનત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિત્યાગ, અને ઉદ્દિષ્ટત્યાગ,–એ પ્રમાણે દેશવિરતનાં અગિયાર સ્થાનો; તથા પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત,–એ પ્રમાણે શ્રાવકનું સંયમાચરણ છે.

૨૪. સ્થૂળ ત્રસકાયવધનો ત્યાગ, સ્થૂળ અસત્યનો ત્યાગ, સ્થૂળ અદત્તનો ત્યાગ, પરસ્ત્રીનો ત્યાગ અને આરંભપરિગ્રહની મર્યાદા–એ પાંચ અણુવ્રત છે.

૨૫. પહેલું દિશા–વિદિશામાં ગમનની મર્યાદા, બીજું અનર્થદંડનો ત્યાગ અને ત્રીજું ભોગોપભોગનું પરિમાણ,–આ ત્રણ ગુણવ્રત છે.

૨૬. પ્રથમ સામાયિક, બીજું પ્રૌષધઉપવાસ, ત્રીજું અતિથિપૂજા અને

ચોથું અંતિમ સમયે સંલ્લેખના–એ ચાર શિક્ષાવ્રત કહ્યાં છે.

૨૭. એ પ્રમાણે સાગાર સંયમાચરણરૂપ શ્રાવકધર્મનો ઉપદેશ કર્યો, હવે નિર્દોષ શુદ્ધ સંયમાચરણરૂપ યતિધર્મનું સ્વરૂપ કહું છું.

૨૮. પાંચ ઇન્દ્રિયોનો સંવર, પાંચ મહાવ્રત, પચીસ ક્રિયાઓ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, એ પ્રમાણે અનાગાર સંયમાચરણ હોય છે.

૨૯. અમનોજ્ઞ કે મનોજ્ઞ એવા સજીવ દ્રવ્યોમાં કે અજીવદ્રવ્યોમાં રાગ–દ્વેષ ન કરે તેને પાંચ ઇન્દ્રિયનો સંવર કહ્યો છે.

૩૦. પ્રથમ હિંસાથી વિરતિરૂપ અહિંસા, બીજું અસત્યવિરતિ, ત્રીજું અદત્તવિરતિ, ચોથું અબ્રહ્મવિરતિ અને પાંચમું સંગવિરતિ,–એ પ્રમાણે પાંચ મહાવ્રત છે.

૩૧. મહાપુરુષો જેને સાધે છે, પૂર્વે મહા પુરુષો વડે જે આચરવામાં આવ્યું છે અને જે પોતે મહાન છે, તે કારણે તે વ્રતોને મહાવ્રત કહ્યાં છે.

૩૨. વચનગુપ્તિ, મનગુપ્તિ, ઈર્યાસમિતિ, આદાનનિક્ષેપણ અને અવલોકનપૂર્વક ભોજન, આ પ્રમાણે અહિંસાવ્રતની પાંચ ભાવના છે.

૩૩. ક્રોધ ભય હાસ્ય લોભ અને મોહ–એનાથી વિપરીત પાંચ ભાવના, તે બીજા ( –સત્ય ) વ્રતની પાંચ ભાવના છે.

૩૪. શૂન્યાગારમાં નિવાસ, લોકોએ છોડી દીધેલા સ્થાનમાં નિવાસ, પરના અવરોધ વગરનો નિવાસ, આહારશુદ્ધિ, અને સાધર્મી સાથે વિસંવાદનો અભાવ,–આ પ્રમાણે અચૌર્યવ્રતની પાંચ ભાવના છે.

૩૫. મહિલાનું અવલોકન, પૂર્વભોગોનું સ્મરણ, સ્ત્રીથી સંસક્ત સ્થાનમાં વાસ, વિકથા અને પૌષ્ટિકરસ–આ પાંચથી વિરક્તિ, તે ચોથા બ્રહ્મચર્યવ્રતની ભાવના છે.

૩૬. શબ્દ–સ્પર્શ–રસ–રૂપ કે ગંધ એવા જે પાંચ ઇન્દ્રિયના મનોજ્ઞ કે અમનોજ્ઞ વિષયો તેમાં રાગ–દ્વેષાદિનો પરિહાર તે–અપરિગ્રહવ્રતની પાંચ ભાવના છે.

૩૭. સંયમની શુદ્ધીને માટે જિનદેવે પાંચ સમિતિ કહી છે, ઈર્યા, ભાષા, એષણા, આદાન અને નિક્ષેપ.

૩૮. જિનમાર્ગમાં જિનવરદેવે ભવ્યજીવોના પ્રતિબોધને માટે જે જ્ઞાન કહ્યું છે તે જ્ઞાનસ્વરૂપ આત્માને હે ભવ્ય ! તું જાણ.

૩૯. જીવ–અજીવની ભિન્નતાને જે જાણે છે તે સમ્યગ્જ્ઞાની છે, અને એવા જ્ઞાનસહિત રાગાદિ દોષોથી રહિતપણું તે મોક્ષમાર્ગ છે, એમ જિનશાસનમાં કહ્યું છે.

૪૦. હે ભવ્ય! દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણેને પરમ શ્રદ્ધાપૂર્વક તું જાણ, એને જાણીને યોગીજનો શીઘ્ર નિર્વાણને પામે છે.

૪૧–૪૨ જ્ઞાનજળને પામીને નિર્મળ સુવિશુદ્ધ ભાવસંયુક્ત જીવો શિવાલયવાસી અને ત્રણભુવનના ચૂડામણિ એવા સિદ્ધ થાય છે.

–અને, જેઓ જ્ઞાનગુણથી રહિત છે તેઓ ઇષ્ટ લાભને પામતા નથી.–આ પ્રમાણે ગુણ–દોષને ઓળખીને તે સદ્જ્ઞાનને હે જીવ! તું જાણ.

૪૩. ચારિત્રમાં સમ્યક્ પ્રકારે આરૂઢ જ્ઞાની પોતાના આત્મામાં પરદ્રવ્યોને ઈચ્છતા નથી; તે અલ્પકાળમાં અનુપમ સુખને પામે છે–એમ નિશ્ચયથી તું જાણ.

૪૪. એ પ્રમાણે વીતરાગે જ્ઞાનવડે ઉપદેશેલું જે સમ્યક્ત્વ અને સંયમના આચરણરૂપ બે પ્રકારનું ચારિત્ર, તે અહીં સંક્ષેપથી કહ્યું.

૪૫. હે ભવ્ય! સ્પષ્ટપણે રચવામાં આવેલા આ ચારિત્રપ્રાભૃતને તું ભાવશુદ્ધિપૂર્વક ભાવ; જેથી તરત જ તું ચાર ગતિને છોડીને શીઘ્ર અપુનર્ભવરૂપ થઈશ.

(ત્રીજું ચારિત્રપ્રાભૃત પૂર્ણ)

## –: વૈરાગ્ય–સમાચાર :–

∗ રાજકોટના ભાઈશ્રી સોભાગચંદ પાનાચંદ કામદાર (ચાંદલીવાળા) ચૈત્ર વદ ૯ ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ચૈત્ર માસમાં ગુરુદેવ રાજકોટ પધાર્યા ત્યારે, તેમણે તબીયત બરાબર નહીં હોવા છતાં આઠ દિવસ પ્રવચનનો લાભ લીધો હતો.

∗ બરવાળાના ભાઈશ્રી ચંદુલાલ ભાઈલાલ જેઠ વદ અમાસે મુંબઈમાં મલાડ મુકામે હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. અંતિમ સમયે તેમણે વીતરાગી દેવ–ગુરુના શરણની ભાવના ભાવી હતી.

∗ વવાણીયાવાળા દેસાઈ અનુપચંદભાઈ રાયચંદ ભાવનગર–ઇસ્પિતાલમાં તા. ૨–૭–૭૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા કેટલાક વખતથી સોનગઢ સમિતિમાં રહેતા હતા; ને શરીરની તકલીફ છતાં દર્શન–પ્રવચનનો લાભ લેતા હતા.

∗ ખંડવાના શેઠશ્રી ઉમરાવપ્રસાદજી (તે બ્ર. આશાબેનના પિતાજી) તા. ૧૮–૬–૭૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક હતા, અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. ફાગણ માસમાં ગુરુદેવ ખંડવા પધાર્યા ત્યારે, વિશેષ બિમારી હોવા છતાં તેમણે ગુરુદેવના દર્શનથી ઉલ્લાસ બતાવ્યો હતો.

સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

# [ ૪ ] बोध प्राभृत

૧–૨ ઘણાં શાસ્ત્રોના અર્થને જાણનારા, શુદ્ધ સમ્યક્ત્વ–સંયમ તથા તપના આચરણથી યુક્ત, અને કષાયમળથી રહિત શુદ્ધ એવા આચાર્યોને વંદન કરીને; સકલ જીવોને બોધ માટે જિનમાર્ગમાં જિનવરદેવે છકાયજીવોને સુખકારી જે ઉપદેશ આપ્યો છે તે હું સંક્ષેપથી આ બોધપ્રાભૃતમાં કહું છું......તેને હે ભવ્ય! તું સાંભળ!

૩–૪. ૧. આયતન, ૨. ચૈત્યગૃહ, ૩. જિનપ્રતિમા, ૪. દર્શન, ૫. અત્યંત વીતરાગ જિનબિંબ, ૬ જિનમુદ્રા, ૭. આત્મસ્થ જ્ઞાન અર્થાત્ આત્મા સંબંધી જ્ઞાન, ૮. અરિહંતદેવે કહેલા દેવ, ૯. તીર્થ, ૧૦. અરિહંત અને ૧૧. ગુણોથી વિશુદ્ધ એવી પ્રવજ્યા–તે અગિયાર સ્થાનો યથાક્રમે આ બોધપ્રાભૃત દ્વારા જાણવા.

૫. મન–વચન–કાયરૂપ દ્રવ્ય તથા ઇન્દ્રિયવિષયો જેમને આયત્ત (એટલે કે વશીભૂત) છે એવા સંયતના રૂપને જિનમાર્ગમાં આયતન કહ્યું છે.

૬. મોહ–રાગ–દ્વેષ–ક્રોધ–માન–માયા–લોભ તે જેમને આયત (વશીભૂત) છે એવા પંચમહાવ્રતધારી મહર્ષિઓને આયતન કહ્યા છે.

૭. સદર્થ સત્–અર્થ (એટલે કે સત્ય વસ્તુસ્વરૂપ, નિજ શુદ્ધાત્મા) જેને સિદ્ધ થયેલ છે, જે વિશુદ્ધધ્યાન તથા જ્ઞાનયુક્ત છે અને પદાર્થોનું સ્વરૂપ જેણે જાણ્યું છે એવા મુનિવરવૃષભને સિદ્ધાયતનપણું પ્રસિદ્ધ છે.

૮. બુદ્ધ એટલે કે જ્ઞાનસ્વરૂપ એવા પોતાના આત્માને જે બોધે છે–જાણે છે, અને અન્ય જીવોને પણ એવું જ સ્વરૂપ પ્રતિબોધે છે, તથા પંચ મહાવ્રતથી જે શુદ્ધ છે અને જ્ઞાનમય છે, તેને ચૈત્યગૃહ જાણો.

૯. બંધ–મોક્ષ અને સુખ–દુઃખ તે જેના આત્માનું ચેત્ય છે તેને જિનમાર્ગમાં ચૈત્યગૃહ કહ્યું છે,–કે જે છકાયજીવોનું હિતકર છે.

૧૦. જે ઉત્કૃષ્ટ જંગમ દેહ સહિત છે, તથા દર્શન–જ્ઞાનપૂર્વક શુદ્ધ ચારિત્રરૂપ છે,–અને નિર્ગ્રંથ વીતરાગ છે,–આવી પ્રતિમા જિનમાર્ગમાં હોય છે.

૧૧. જે શુદ્ધ ચારિત્રને આચરે છે, વસ્તુ–

સ્વરૂપને જે જાણે–દેખે છે અને જેને શુદ્ધસમ્યક્ત્વ છે એવા નિર્ગ્રંથ સંયતની પ્રતિમા વંદનિય છે.

૧૨–૧૩. સિદ્ધ ભગવંતો તે વ્યુત્સર્ગપ્રતિમા છે; તે અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય અને અનંત સુખરૂપ છે, શાશ્વત સુખમય છે, દેહરહિત છે અને આઠકર્મના બંધનથી મુક્ત છે; વળી તે સિદ્ધપ્રતિમા નિરૂપમ છે, અચલ છે, અક્ષોભ છે, અજંગમરૂપથી નિર્માપિત છે ( અર્થાત્ શરીરરહિત સ્થિર છે ), સિદ્ધસ્થાનમાં સ્થિત છે; વ્યુત્સર્ગરૂપ છે અને ધ્રુવ છે.–આવી સિદ્ધપ્રતિમા છે.

૧૪. જે સમ્યક્ત્વ, સંયમ તથા સુધર્મરૂપ મોક્ષમાર્ગને દેખાડે છે, અને જે નિર્ગ્રંથ તથા જ્ઞાનમય છે, તેને જિનમાર્ગમાં દર્શન કહ્યું છે.

૧૫. જેમ પુષ્પ સુગંધમય હોય છે, અને દૂધ તે ઘીમય હોય છે, તેમ રૂપસ્થ એવું સમ્યક્દર્શન પણ સમ્યગ્જ્ઞાનમય હોય છે.

૧૬. જે જ્ઞાનમય છે, સંયમથી શુદ્ધ છે, અત્યંત વીતરાગ છે અને કર્મક્ષયના કારણરૂપ શુદ્ધ દીક્ષા તથા શિક્ષા દેનારા છે–તે જિનબિંબ છે.

૧૭. જેમને ધ્રુવપણે દર્શન–જ્ઞાન અને ચેતનાભાવ વિદ્યમાન છે, એવા તે જિનબિંબને પ્રણામ કરો, સર્વપ્રકારે પૂજા કરો, વિનય અને વાત્સલ્ય કરો.

૧૮. જે તપ–વ્રત અને ગુણોથી શુદ્ધ છે, જે જાણે છે, દેખે છે અને સમ્યક્ત્વરૂપ છે–એવી અરિહંતમુદ્રા છે,–અને તે દીક્ષા–શિક્ષાની દાતાર છે.

૧૯. જિનશાસનમાં જિનમુદ્રા એવી કહેવામાં આવી છે કે, જે દ્રઢ સંયમની મુદ્રા સહિત છે, જેને ઇન્દ્રિયોનું મુદ્રણ ( એટલે કે સંકોચન ) છે, જેમાં કષાયોનું દ્રઢ મુદ્રણ( નિયંત્રણ ) છે, અને સ્વરૂપમાં લગાવેલા જ્ઞાનરૂપ જેની મુદ્રા ( છાપ ) છે.

૨૦. સંયમથી સંયુક્ત અને સુધ્યાનને યોગ્ય એવા મોક્ષમાર્ગનું લક્ષ્ય જ્ઞાનવડે જ પમાય છે; તેથી જ્ઞાનસ્વરૂપ જ્ઞાતવ્ય છે.

૨૧. જેમ નિશાન તાકવાના અભ્યાસથી રહિત પુરુષ બાણના લક્ષ્યને વેધી શકતો નથી, તેમ અજ્ઞાની મોક્ષમાર્ગના લક્ષ્યને જાણતો નથી.

૨૨. આસન્ન ભવ્ય જીવને જ્ઞાન થાય છે; વિનયવંત સત્પુરુષ તે જ્ઞાનને પ્રાપ્ત કરે છે; અને તે જ્ઞાનવડે મોક્ષમાર્ગના લક્ષ્યને લક્ષગત કરીને તેને પ્રાપ્ત કરે છે.

૨૩. જેને મતિજ્ઞાનરૂપી સ્થિર ધનુષ છે, શ્રુતજ્ઞાનરૂપી દોરી છે, રત્નત્રયરૂપી ઉત્તમ બાણ છે, અને જેણે પરમાર્થસ્વરૂપમાં લક્ષને એકાગ્ર કરીને નિશાન તાકયું છે, તે જીવ મોક્ષમાર્ગને ચૂકતો નથી.

૨૪. અર્થ–ધર્મ–કામ અને ઉત્તમ જ્ઞાન–તેને જે સમ્યક્પ્રકારે દે તે દેવ છે, અર્થ, ધર્મ કે પ્રવજ્યા, જેની પાસે જે હોય તે આપે.

૨૫. દયાવડે વિશુદ્ધ ધર્મ છે, સર્વસંગપરિત્યાગરૂપ પ્રવજ્યા છે, અને મોહથી રહિત એવા દેવ છે, –તે ભવ્યજીવોને ઉદય કરનારા છે.

૨૬. વ્રત અને સમ્યક્ત્વ જેને વિશુદ્ધ છે, પાંચઇન્દ્રિયનો જેને સંયમ છે અને જે નિરપેક્ષ છે એવું મુનિ–તીર્થ, તેમાં દીક્ષા–શિક્ષારૂપી ઉત્તમસ્નાનવડે નહાઓ–અર્થાત્ પવિત્ર થાઓ.

૨૭. શાંતભાવસહિત નિર્મળ ઉત્તમ ધર્મ, સમ્યક્ત્વ, સંયમ, તપ અને જ્ઞાન તે જિનમાર્ગમાં તીર્થ છે.

૨૮. નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ, આત્માના ગુણ તથા પર્યાય સહિતપણું, ચ્યવન, આગતિ અને સંપદા–આ ભાવો અરિહંતના સ્વરૂપને ઓળખાવે છે, અર્થાત્ તેના વડે ભવ્યજીવો અરિહંતનું સ્વરૂપ ચિંતવે છે.

૨૯. જેમને અનંત જ્ઞાન–દર્શન વિદ્યમાન છે, અષ્ટકર્મનાં બંધન નષ્ટ થવાથી જે મુક્ત છે, તથા નિરૂપમ ગુણોમાં આરૂઢ છે,–એવા અરિહંત હોય છે.

૩૦. જરા–વ્યાધિ–જન્મ–મરણ ચારગતિ ભ્રમણ તેમ જ પુણ્ય અને પાપ વગેરે દોષોને તથા કર્મોને હણીને જેઓ જ્ઞાનમય થયા તેઓ અર્હંત છે–પૂજ્ય છે.

૩૧. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, પર્યાપ્તિ, પ્રાણ અને જીવસ્થાન–એમ પાંચ પ્રકારે સ્થાપના વડે અરિહંત–પુરુષને ઓળખીને પ્રણમન કરવા યોગ્ય છે.

૩૨. અરિહંત ભગવાન સંયોગી કેવળીપણે તેરમે ગુણસ્થાને બિરાજે છે, તેમને ચોત્રીસ અતિશયરૂપ ગુણ તથા અષ્ટ પ્રાતિહાર્ય હોય છે.

૩૩. ગતિ ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ અને આહાર–એ ચૌદ માર્ગણામાં સ્થાપીને અરિહંતનું સ્વરૂપ જાણવું જોઈએ.

૩૪. આહાર, શરીર, ઇન્દ્રિય, મન, શ્વાસોશ્વાસ અને ભાષા–એ છ પર્યાપ્તિ છે; તે પર્યાપ્તિનાં ગુણોથી સમૃદ્ધ એવા અરિહંતભગવાન ઉત્તમ દેવ છે.

૩૫. પાંચ ઇન્દ્રિયપ્રાણ, મન–વચન–કાયા એ ત્રણ બળપ્રાણ, શ્વાસોશ્વાસપ્રાણ અને આયુષ્યપ્રાણ–એ પ્રમાણે દશપ્રાણ અરિહંતને હોય છે.

૩૬. એવા ગુણસમૂહ સહિત અરિહંતદેવ ચૌદમા જીવસ્થાને અર્થાત્ મનુષ્યભવમાં પંચેન્દ્રિયપણે ગુણારૂઢ હોય છે.

૩૭–૩૮–૩૯. અરિહંતપુરુષનેપરમ ઔદારિક શરીર હોય છે, તે વૃદ્ધતા કે વ્યાધિનાં દુઃખથી રહિત છે, આહાર–નિહારથી મુક્ત છે, વિમલ છે, કફ–થૂંક પરસેવો કે દુર્ગંધ વગેરે દોષ તેમાં નથી; તે દશપ્રાણ અને છ પર્યાપ્તિ સહિત છે અને તેમાં એક હજાર આઠ ઉત્તમ લક્ષણો કહેવામાં આવ્યા છે. સર્વાંગપૂર્ણ તે શરીરમાં માંસ અને રૂધિર, દુધજેવા–કપૂરજેવા કે શંખજેવા ધવલ હોય છે.–આવા ગુણવડે જે સર્વ અતિશયસંપન્ન અને ઉત્તમ સુગંધયુક્ત છે એવું અરિહંતપુરુષનું ઔદારિકશરીર જાણવું.

૪૦. જેઓ મદ–રાગ–દોષથી રહિત છે, કષાય–મલવર્જિત છે, સુવિશુદ્ધ છે, મનના પરિણામથી રહિત છે અને કેવળજ્ઞાનસ્વરૂપ છે,–તેમને ભાવ–અરિહંત જાણવા.

૪૧. જેઓ સમસ્ત દ્રવ્ય–પર્યાયોને કેવળજ્ઞાનથી સમ્યક્પણે જાણે છે, કેવળદર્શનથી સમ્યક્પણે દેખે છે અને સમ્યક્ત્વગુણથી વિશુદ્ધ છે, તેમને ભાવ–અરિહંત જાણવા.

૪૨. પ્રવજ્યાધારક સાધુ સુના ઘરમાં, ઝાડ નીચે, ઉદ્યાનમાં, સ્મશાનમાં, ગિરિગૂફામાં, ગિરિશિખરે, વનમાં અથવા વસ્તીમાં રહે છે.

૪૩. વળી જે સ્વવશ હોય એટલે કે પરાધીનતા રહિત હોય, સ્વવશ મુનિઓ જ્યાં રહેતા હોય એવા તીર્થ, જિનવચન, ચૈત્યાલય તેમ જ જિનભવન,–તે પણ મુનિઓને ચિંતન કરવા યોગ્ય સ્થાનો છે–એમ જિનમાર્ગમાં જિનવરોએ કહ્યું છે.

૪૪. પંચમહાવ્રત યુક્ત, પંચેન્દ્રિયના સંયમી, નિરપેક્ષ અને સ્વાધ્યાય–ધ્યાનમાં ઉપયુક્ત એવા શ્રેષ્ઠ મુનિવરો ઉપરોકત સ્થાનોમાં વસે છે, ને ચિંતન કરે છે.

૪૫. ઘર અને પરિગ્રહના મોહથી રહિત, બાવીસ પરિષહને જીતનારી, જિતકષાય અને પાપારંભ વગરની,–આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૪૬. ધન–ધાન્ય–વસ્ત્ર–સોનું–ચાંદી–શયન–આસન–છત્ર વગેરે વસ્તુઓ દેવારૂપ જે કુદાન, તેનાથી રહિત પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૪૭. શત્રુ કે મિત્રમાં જે સમભાવી છે, પ્રશંસા કે નિંદામાં, તથા અલબ્ધિ કે લબ્ધિમાં ( અર્થાત્ વિયોગ કે સંયોગમાં ) જેને સમભાવ છે, અને તરણું કે સોનું તેમાં પણ જે સમભાવી છે;–આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૪૮. ઉત્તમગૃહમાં કે મધ્યમગૃહમાં, દરિદ્રને ત્યાં કે ઐશ્વર્યવાન ( ધનવાન ) ને ત્યાં, સર્વત્ર નિરપેક્ષપણે આહારપિંડ ગ્રહણ

કરે છે, –આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૪૯. નિર્ગ્રંથ, નિઃસંગ, નિર્માન, આશારહિત, નિર્દોષ, નિર્મમ અને નિરહંકાર–આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૫૦. નિઃસ્નેહ, નિર્લોભ, નિર્મોહ, નિર્વિકાર કલુષતારહિત નિર્ભય, અને આશાભાવરહિત,–આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૫૧. જન્મ્યા પ્રમાણે જેનું રૂપ છે, અવલંબિત જેની ભૂજા છે, આયુધથી રહિત છે, શાંત છે અને બીજા વડે કરાયેલા સ્થાનમાં જેનો નિવાસ છે,–આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૫૨. ઉપશમ, ક્ષમા અને ઇન્દ્રિયદમનથી યુક્ત, શરીરસંસ્કારથી રહિત, રુક્ષ, અને મદ–રાગ–દોષથી રહિત,–આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૫૩. મૂઢભાવ જેમાં દૂર થયો છે, જે અષ્ટ કર્મને અત્યંત નષ્ટ કરનારી છે. મિથ્યાત્વ જેને નષ્ટ થયું છે અને સમ્યક્ત્વગુણથી જે વિશુદ્ધ છે,–આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૫૪. જિનમાર્ગમા પ્રવજ્યા નિર્ગ્રંથ કહી છે, તે છએ સંહનનવાળા જીવોને હોય છે; ભવ્ય પુરુષો તેની ભાવના કરે છે, અને તે કર્મક્ષયનું કારણ કહેવામાં આવી છે.

૫૫. જેમાં તલના ફોતરાં જેટલોય બહારના પરિગ્રહનો સંગ્રહ હોતો નથી; સર્વદર્શી ભગવંતોએ જે પ્રવજ્યા કહી છે તે પ્રવજ્યા આવી હોય છે.

૫૬. જે ઉપસર્ગ તથા પરિષહને સહન કરે છે, સદા નિર્જનસ્થાનમાં રહે છે; અને સર્વત્ર શિલા કાષ્ટ કે જમીન ઉપર રહે છે;–આવી પ્રવજ્યા હોય છે.

૫૭. પશુ–મહિલા કે નપુંસકનો સંગ ન કરે, કુશીલજીવોનો સંગ ન કરે, વિકથા ન કરે, અને સ્વાધ્યાય તથા ધ્યાનયુક્ત રહે, –આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૫૮. તપ–વ્રત–ગુણોથી જે શુદ્ધ છે, સંયમ અને સમ્યક્ત્વગુણવડે જે વિશુદ્ધ છે તથા શુદ્ધગુણો વડે જે શુદ્ધ છે, –આવી પ્રવજ્યા જિનશાસનમાં કહી છે.

૫૯. આ પ્રમાણે, જેમાં અત્યંત વિશુદ્ધસમ્યક્ત્વ છે એવા નિર્ગ્રંથ જિનમાર્ગમાં આયતનગુણોથી પરિપૂર્ણ (–મુનિનાં ગુણોથી પરિપૂર્ણ) એવી પ્રવજ્યાનું જેવું સ્વરૂપ પ્રસિદ્ધ છે તેવું અહીં સંક્ષેપથી યથાર્થપણે કહ્યું છે.

૬૦. અંતરમાં શુદ્ધ અર્થરૂપ અને બહારમાં નિર્ગ્રંથરૂપ એવા જિનમાર્ગમાં જિનવરદેવે શુદ્ધીને માટે જે પ્રમાણે ઉપદેશ

કર્યો છે તે પ્રમાણે ભવ્યજીવોના બોધને માટે, છકાયજીવોને હિતકર આ ઉપદેશ કર્યો છે,

૬૧. શબ્દપરિણામરૂપ ભાષાસૂત્રમાં જિનદેવે જે કહ્યું તે ભદ્રબાહુસ્વામીના શિષ્ય દ્વારા જાણીને, તે પ્રમાણે અહીં ( કુંદકુંદસ્વામીએ ) કહ્યું છે.

૬૨. બાર અંગરૂપ વિજ્ઞાન તથા ચૌદ પૂર્વાંગનો જે વિપુલ વિસ્તાર–તેને જાણનારા શ્રુતજ્ઞાની ગમકગુરુ ભગવાન ભદ્રબાહુનો જય હો.

( ચોથું બોધપ્રાભૃત પૂર્ણ. )

## મૂંઝવણ થતી હોય ત્યારે-

પ્રશ્નઃ– એક જિજ્ઞાસુ પૂછે છે કે જીવને મૂંઝવણ થાય ને વારંવાર સંસારના વિચારમાં મન ચડી જાય, ત્યારે શું કરવું ?

ઉત્તરઃ– જ્યારે કોઈ પણ વખતે મન મુંઝાય અને સંસારના બીજા વિચારમાં ચડી જાય ત્યારે, તરત જ વીતરાગી પંચપરમેષ્ઠીને યાદ કરીને શાંતચિત્તે જીવને એમ ઠપકો આપવો કે–અરે જીવ ! શું હજી પણ તું આ સંસારના પાપથી ને દુઃખથી નથી થાક્યો ?

વૈરાગ્યભાવનામાં ઊતરીને તારા જીવનની એકેએક ક્ષણને આત્મશોધનમાં ગાળ. સંસારથી અલિપ્ત જેવો થઈને રહે ને આત્મગુણ–ચિંતનમાં ઊંડો ઊતર. તું સંસારથી અલિપ્ત રહીશ તો કોઈ તને પરાણે નહીં વળગે.

સંસારના પ્રસંગમાં કષાયવશ ન થઈ જવાય ને પ્રતિકૂળતામાં મુંઝવણથી ગભરાઈ ન જવાય–તે માટે જાગૃતી રાખ. જાગૃત રહીને શાંતિ અને હિંમતપૂર્વક તારા જીવનધ્યેયને વળગી રહે.

અંદર આત્મામાં એવી કોઈ મહાનતા ભરી છે કે, જેનો વિચાર કરતાં પણ જગતનાં દુઃખો દૂર ભાગી જાય છે. તો એવા નિજ સ્વરૂપનો આનંદકારી વિચાર મુકીને દુનિયાની ચિંતાના પાપમાં કોણ પડે ?

# હે જીવ ! તારી પર્યાયમાં તારા સ્વદ્રવ્યને અનન્ય જાણ !

## [ એકલી પર્યાયને ન જો; પર્યાયમાં અનન્ય એવા દ્રવ્યને દેખ ]

* * * * *

( સ. ગા. ૩૦૮ થી ૩૧૧ નાં પ્રવચનઃ પૃ. ૪ થી ચાલુ )

**દ્રવ્યને અને તે-તે કાળની પર્યાયને અનન્યપણું છે; એટલે મારી પર્યાયને મારા દ્રવ્ય સાથે એકતા છે,-આમ જ્યાં પોતાના સર્વજ્ઞસ્વભાવી દ્રવ્યની સાથે પર્યાયની એકતાનો નિર્ણય કર્યો ત્યાં સર્વજ્ઞસ્વભાવથી વિરુદ્ધ એવા રાગ સાથે પર્યાયની એકતા ન રહી; એટલે કે ભેદજ્ઞાન થયું; જ્ઞાનપર્યાય રાગથી છૂટી પડીને સર્વજ્ઞસ્વભાવ સન્મુખ થઈ......હવે તેને સર્વજ્ઞ થવામાં વચ્ચે વિઘ્ન આવે નહીં.**

જીવદ્રવ્ય તો સર્વજ્ઞસ્વભાવી છે, તેમાં જે પર્યાયની એકતા થઈ તે પર્યાયમાં રાગાદિભાવનું કર્તાપણું રહે નહિ.

પોતાની જ્ઞાનપર્યાયમાં અનન્યરૂપે પરિણમતો જીવ પોતાની પર્યાયરૂપી કાર્યનો કર્તા થાય છે,–પણ તે અન્ય દ્રવ્યની પર્યાયનો કર્તા થતો નથી, તેનાથી તો તે અનેરો છે. એટલે પરદ્રવ્યની અપેક્ષા વગર એકલા પોતામાં જ કર્તાકર્મપણું સમાય છે. જીવ કર્તા અને અજીવ તેનું કાર્ય–એમ કોઈ રીતે બનતું નથી.

દરેક દ્રવ્ય પોતાના પરિણામથી અનન્ય છે, ને બીજાથી તે અનેરું છે. અનેરા પદાર્થો વચ્ચે કર્તાકર્મપણું હોતું નથી. કર્તા અને કર્મ અભિન્ન હોય છે. ભિન્ન પદાર્થ સાથે કર્તાકર્મપણું માને તેને ભેદજ્ઞાન થાય નહીં.

પૂર્વપર્યાયને વર્તમાનપર્યાયની કર્તા કે ઉત્પાદક કહેવી તે વ્યવહાર છે; અહીં તો પર્યાય સાથે તે કાળે તાદાત્મ્યરૂપ એવા દ્રવ્યને જ કર્તા કહ્યું છે. તે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરીને એકાગ્ર થતાં તે સુખ અને સમ્યક્ત્વાદિ કાર્યરૂપે પરિણમે છે. સુખ કહો કે ધર્મ કહો, તે કાર્યનો ઉત્પાદક આત્મા પોતે છે, કેમકે આત્મા જ તેમાં અનન્યપણે વર્તે છે. રાગાદિભાવો સુખ સાથે અનન્યપણે નથી વર્તતા, અથવા પરદ્રવ્ય આત્માની સુખપર્યાયમાં તન્મય થતું નથી, આત્મા જ સુખપર્યાયમાં તન્મય થઈને સુખરૂપે પરિણમે છે. આવો નિર્ણય કરીને આત્માના સ્વભાવની સન્મુખ થતાં આત્મા

પોતાની સુખપર્યાયપણે ઊપજ્યો; ને રાગાદિનો કે કર્મનો તે અકર્તા થયો.–જ્ઞાનમાં આવા અકર્તાપણાની સિદ્ધિ તે મોક્ષનો માર્ગ છે.

પર્યાયને અને દ્રવ્યને ઉત્પાદ્ય–ઉત્પાદકભાવ છે એટલે કર્તાકર્મપણું છે, કેમકે તે બંને અભિન્ન છે; પણ ઉપાદાન અને નિમિત્તને ઉત્પાદ્ય–ઉત્પાદકપણું નથી એટલે તેમને કર્તાકર્મપણું નથી, કેમકે બંનેને અત્યંત ભિન્નતા છે. આ સિદ્ધાંત બધા દ્રવ્યોમાં લાગુ પડે છે, કારણ કે સર્વે દ્રવ્યોને અન્ય દ્રવ્યની સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકભાવનો અભાવ છે; એટલે બે ભિન્ન દ્રવ્યો વચ્ચે કારણ–કાર્યભાવ સિદ્ધ થતો નથી. માટે સાર એ છે કે જીવ પોતાના શુદ્ધ જ્ઞાનભાવનો જ કર્તા છે, ને અજીવકર્મનો તે અકર્તા છે. મારા આત્માને મારા જ્ઞાનાદિ પર્યાયો સાથે જ અનન્યપણું છે, પરની પર્યાયો સાથે મારે અનન્યપણું નથી પણ ભિન્નપણું છે–આમ નક્કી કરીને શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમતા આત્માને કર્મનું બંધન થતું નથી. આવું કર્તાપણું એટલે કે શુદ્ધ જ્ઞાનમયપણું તે જીવનો સ્વભાવ છે, અને તે સ્વભાવરૂપે તન્મય પરિણમન તે મોક્ષમાર્ગ છે. સર્વવિશુદ્ધજ્ઞાન એટલે આત્માનો જ્ઞાયકસ્વભાવ; તે સ્વભાવમાં અભેદ પરિણમેલું જ્ઞાન રાગાદિનું પણ અકર્તા જ છે. અહીં સિદ્ધ કરવું છે જીવનું અકર્તાપણું ! પણ તેમાં જીવ–અજીવની ક્રમનિયમિત પર્યાયોનું તે તે દ્રવ્યની સાથે અનન્યપણું બતાવીને આચાર્યદેવે અલૌકિક ન્યાયથી અકર્તાપણું સિદ્ધ કર્યું છે.

સ્વસમયરૂપ જીવનું વર્ણન કરતાં બીજી ગાથામાં કહ્યું હતું કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પોતાની નિર્મળપર્યાયમાં સ્થિત થઈને અનન્યપણે ઊપજે છે તે જ ખરેખર જીવ છે. રાગાદિભાવોમાં જે સ્થિત છે તે ખરેખર જીવ નથી. જીવ જ્ઞાયકસ્વભાવ છે, તે જ્ઞાયકસ્વભાવ ખરેખર રાગપણે થતો નથી, એટલે જ્ઞાયકસન્મુખ થયેલો જીવ રાગનો કર્તા થતો નથી. જ્ઞાયકની દ્રષ્ટિમાં તેને રાગની અધિકતા થતી નથી; માટે તેનું વિશુદ્ધજ્ઞાન રાગાદિનું અકર્તા જ છે. આવું જ્ઞાયકસ્વભાવનું અકર્તાપણું ઓળખીને જ્ઞાનપણે ઊપજ્યો તે જીવ ધર્મી થયો.

આત્માનો સ્વ–પરપ્રકાશક જ્ઞાયકભાવ છે તે ઉપજીને રાગને ઉત્પન્ન કરે કે મિથ્યાત્વાદિ કર્મોને બંધાવામાં નિમિત્ત થાય–એવો નથી; તેમજ તે કર્મોને નિમિત્ત બનાવીને તેના આશ્રયે પોતે વિકારપણે ઊપજે–એવો પણ તેનો સ્વભાવ નથી. તે તો જ્ઞાયકના અવલંબને ક્રમબદ્ધ જ્ઞાયકભાવપણે જ ઊપજે છે. આ રીતે પોતે નિમિત્ત થઈને બીજાને નહીં ઉપજાવતો, તેમજ બીજાના નિમિત્તે પોતે નહીં ઊપજતો, પણ શુદ્ધજ્ઞાનપરિણામમાં જ તન્મયપણે ઊપજતો–એવો જીવ જ્ઞાની છે.

ભાઈ! જ્ઞાયકસ્વભાવી આત્મા કર્તા થઈને જ્ઞાનપણે ઊપજે કે રાગપણે ઊપજે? જ્ઞાયકભાવ તો જ્ઞાનપણે જ ઊપજે, માટે, જ્ઞાયકભાવ રાગનો કર્તા નથી એમ તું સમજ, અને જ્ઞાયકસન્મુખ થા, એટલે નિર્મળ જ્ઞાન–શ્રદ્ધા–આનંદ વગેરે પરિણામ થશે.

જ્ઞાન–શ્રદ્ધા–આનંદ વગેરે પરિણામપણે કોણ ઊપજે છે?–જીવ ઊપજે છે. તે જીવ કેવો?–કે જ્ઞાનસ્વભાવી. આવો નિર્ણય કરનાર પોતાના જ્ઞાયકસ્વભાવના અવલંબને નિર્મળપર્યાયમાં તન્મયપણે ઊપજે છે, પણ રાગમાં તન્મય થતો નથી. શ્રદ્ધા–આનંદ વગેરે નિર્મળ ક્રમબદ્ધપર્યાયોપણે 'રાગ' નથી ઊપજતો પણ જ્ઞાયકસ્વભાવી 'જીવ' ઊપજે છે. આવા સ્વભાવ ઉપર જેની દ્રષ્ટિ છે તેને જ અકર્તાપણાનો તથા ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય છે, ને તેને ક્રમબદ્ધપર્યાય નિર્મળ થાય છે. જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને પોતાના સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન તથા વીતરાગભાવની પર્યાયપણે જે ઊપજ્યો તે 'સ્વસમય' છે, ને તે રાગાદિનો અકર્તા છે.

આમાં ઉપાદાન–નિમિત્તના ખુલાસા પણ થઈ જાય છે. જ્ઞાયકસ્વભાવરૂપ શુદ્ધઉપાદાન તરફ વળતાં મારી પર્યાયમાં જ્ઞાયકભાવનો પ્રભાવ પડે–એમ ન માનતાં, નિમિત્તનો પ્રભાવ પડે એમ માને છે તો, હે ભાઈ! નિમિત્ત તરફનું વલણ છોડીને તારા સ્વભાવ તરફ તું ક્યારે વળીશ? જ્ઞાયકસ્વભાવ તરફ વળે તેને કર્મનું નિમિત્ત રહેતું નથી. અજ્ઞાનીને તેના ગુણની ઊંધાઈમાં કર્મનું નિમિત્ત ભલે હો, પણ જ્ઞાની તો પોતે જ્ઞાયકસ્વભાવ તરફ વળ્યો છે એટલે જ્ઞાતાભાવપણે જ ઊપજ્યો છે, રાગપણે કે આસ્રવ–બંધપણે તે ઊપજતો નથી, તેથી તેને તો કર્મનું નિમિત્ત પણ નથી.

**'देसिया सुत्ते'** આચાર્યદેવ કહે છે કે–હે ભાઈ! સૂત્રમાં તો ભગવાને પરિણામોને પોતપોતાના દ્રવ્ય સાથે અનન્ય દેખાડયા છે, પણ પર સાથે તેનો સંબંધ દેખાડયો નથી, તો પછી પરનું કર્તાપણું ક્યાંથી હોય? એકદ્રવ્યનું કર્તા કોઈ બીજું દ્રવ્ય હોય એમ તો ભગવાનના સૂત્રમાં કહ્યું નથી. **'दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं-** આમ કહીને, પર્યાયે–પર્યાયે અભેદપણે તારો જ્ઞાયકભાવ જ પરિણમી રહ્યો છે તેને તું દેખ!–એમ કહ્યું છે. સંવરઅધિકારમાં પણ **'उवओगे उवओगो.......'** ઉપયોગમાં ઉપયોગ છે એમ કહીને, સંવરની જે નિર્મળદશા પ્રગટી તેની સાથે આત્માનું અભેદપણું બતાવ્યું, એટલે કે જ્ઞાયકદ્રવ્યમાં અભેદતાથી જ સમ્યગ્દર્શનાદિ સંવરદશા પ્રગટે છે–એમ બતાવ્યું.

( –વિશેષ હવે પછી. )



ભાવનગરમાં પંચકલ્યાણક વખતે પૂ. શ્રી કાનજીસ્વામી ભક્તિપૂર્વક જિનબિંબો ઉપર મંત્રાક્ષર લખી રહ્યાં છે. આ રીતે ત્રણસો ઉપરાંત વીતરાગ જિનબિંબોની પ્રતિષ્ઠા દ્વારા જિનધર્મની મોટી પ્રભાવના થઈ છે. ગુરુદેવ જેના પર અંકન્યાસ કરી રહ્યા છે તે ભાવનગર-જિનમંદિરના મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાન છે, બાજુમાં અમરેલીના શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન થાય છે.




ભાવનગરના ભવ્ય જિનમંદિરમાં શ્રી નવનીતલાલભાઈ ચુ. ઝવેરી દ્વારા મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનની સ્થાપના થઈ રહી છે. પૂ. શ્રી કાનજીસ્વામી ભાવપૂર્વક સ્થાપનાવિધિમાં ભાગ લઈ રહ્યા છે, બાજુમાં પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઊભેલા દેખાય છે; તેમને જ્ઞાનપ્રભાવનાનો તો વિશેષ પ્રેમ છે, ઉપરાંત જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠામાં પણ સર્વત્ર ઉત્સાહથી ભાગ લ્યે છે.




અયોધ્યાપુરીમાં દીક્ષા પહેલાં બાર ભાવના ભાવી રહેલા આદિનાથભગવાન



ભાવનગર–પંચકલ્યાણકમાં ઋષભમુનિરાજને આહારદાન દેવાનો મહાન લાભ શ્રી હીરાલાલજી કાલા અને તેમના પરિવારને મળ્યો હતો. આહારદાન પ્રસંગે નવધાભક્તિમાં સૌ પૂજન કરી રહ્યા છે.






ભાવનગર શહેરમાં આદિનાથપ્રભુના જન્મકલ્યાણક પ્રસંગે મેરુ ઉપર પિતા–પુત્ર આનંદથી અભિષેક કરી રહ્યા છે.....નીચેનું દૃશ્ય આદિનાથનગરનું છે.

## દુનિયાથી દૂર

હે જીવ! જો તારે આત્માર્થ સાધવો હોય તો તું દુનિયાની દરકાર છોડી દેજે. તું દુનિયા સામે જોઈને બેસી ન રહીશ. જગતમાં ગમે તેમ બને, તું દુનિયાથી દૂર તારા આત્મહિતના પંથે મક્કમ પગલે ચાલ્યો જાજે.

## સ્વાનુભવનું ચોઘડિયું

સૌથી ઉત્તમ ચોઘડિયું ક્યું?

સ્વાનુભવ કરે તે; આત્મા પોતે પોતાનો સ્વાનુભવ કરે એના જેવું ઉત્તમ ચોઘડિયું બીજું કોઈ નથી.

એ ચોઘડિયું ક્યારે?

જ્યારે તું સ્વાનુભવ કર ત્યારે.

## ...આ...નં...દ...

પહેલો રે આનંદ સમ્યક્ દર્શનનો.

બીજો રે આનંદ સમ્યક્ જ્ઞાનનો.

ત્રીજો રે આનંદ સમ્યક્ચારિત્રનો

ચોથો રે આનંદ વીતરાગભાવનો

પાંચમો રે આનંદ કેવળજ્ઞાનનો.

## તારાં નિધાન

ચૈતન્યનિધાન બતાવતાં ગુરુદેવ પ્રમોદપૂર્વક કહે છે કે અહા, જેના ઉપર નજર કરતાં જ આત્મા જાગી ઊઠે ને આનંદના ઊભરા વહે એવું ચૈતન્યતત્ત્વ તું જ છો. તો હવે તને જગતમાં કોની વાંછા છે? તારામાં જ નજર કર. નિજવૈભવ ઉપર નજર કરતાં તું ન્યાલ થઈ જઈશ. આનંદના અચિંત્ય ભંડાર તારામાં ભર્યાં છે.

## આનંદની ઘડી

અહો, ઉત્તમ ચૈતન્યતત્ત્વ સંતોએ લક્ષગત કરાવ્યું, તો હે ભવ્ય જીવો! તમે વિલંબ વગર આજે જ તેનો અનુભવ કરો. ભવદુઃખથી છૂટવા માટે સ્વાનુભવનો આ ઉત્તમ અવસર છે. સ્વાનુભવની ઘડી તે જ સૌથી ઉત્તમ ઘડી છે, સ્વાનુભવથી ઊંચી ઘડી જગતમાં બીજી કઈ છે?–સ્વાનુભવની ઘડી તે સફળ ઘડી છે, તે આનંદની ઘડી છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૨૮૦૦